# જીવન એક સ્નેહ ઝરણું



: લેખક :

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

: પ્રકાશક :

શ્રી ઘનશ્યામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ-લોયાધામના ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-કંડારી તથા
શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા.

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# જીવન એક સ્નેહ ઝરણું


: લેખક :

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

ગુરૂવર્ય સદ્‌ગુરૂ શ્રી શાસ્ત્રીજી સ્વામી (કંડારી ગુરૂકુલ)

: પ્રેરક :

સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

(કંડારી ગુરૂકુલ)



: પ્રકાશક :

દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ“ભક્તિનગર” કંડારી.

તથા

શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા.

**જીવન એક સ્નેહ ઝરણું**

**પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી,

મું. કંડારી, તા. કરજણ, જી. વડોદરા-૩૯૧૨૧૦

ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪

E-mail :gkandari@satyam.net.in.

Web : www.TheSwaminarayan.org

પ્રકાશન તિથિ : દશાબ્દિ મહોત્સવ વિ. સં.-૨૦૬૧
૨૦થી૨૬ ડિસેમ્બર ઈ.સ.-૨૦૦૪

**આવૃતિ : પ્રથમ**

**પ્રત : ૨૦૦૦**

**કિંમત : રૂ. ૧૫/-**

**આર્થિક સહયોગના દાતાશ્રી :**

પ.ભ. શ્રી ભરતભાઈ હીરુભાઈ પટેલ

માણેજ. હાલ ડલાસ, અમેરિકા.

**પ્રાપ્તિ સ્થાન :**

☛ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી,
ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪

☛ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વડોદરા
ફોન : (૦૨૬૫) ૩૧૩૪૦૯૯

☛ શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ
ફોન : (૦૨૭૫૫)૨૬૫૪૪૧, ૨૬૫૪૫૧

☛ **SHREE SWAMINARAYAN MANDIR**
2114 PINE ST. GRAND PRAIRIE,TX.-75050
Phone : (972) 263 - 7637

**મુદ્રક :** શ્રીજી આર્ટ (૦૭૯) ૩૦૯૨૮૨૯૯

# અભિનંદન સાથે આશીર્વાદ

પરમભક્ત શ્રી ભરતભાઈ પટેલ

આપશ્રી એ આપના અક્ષર નિવાસી પૂજ્ય પિતાશ્રી હીરૂભાઈ મોતીભાઈ (ગામમાણેજ) ના સ્મરણાર્થે આ પુસ્તક "જીવન એક સ્નેહ ઝરણું" પ્રકાશિત કરવામાં તમારી દૈવી સંપત્તિનો સદુપયોગ કરી શ્રી સ્વામિનારાયણ ભગવાન, સંતો અને હરિભક્તોનો અપાર રાજીપો મેળવ્યો છે, તે બદલ તમો ધન્યવાદને પાત્ર બન્યા છો.

વળી આપ શ્રી અમેરિકા જેવા અતિ વૈભવશાળી દેશમાં રહીને પણ આપના પિતાશ્રી તરફથી મળેલ સત્સંગના શુભ સંસ્કાર જાળવી રાખી શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપેરી ડલાસમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ઘણાં વર્ષોથી સેવા આપો છો તે બદલ પણ અમો તમોને ધન્યવાદ સાથે રૂડા આશીર્વાદ પાઠવીએ છીએ.

તથા આપના આપેલ શુભ સંસ્કારને દીપાવતા આપશ્રીના સુપુત્રશ્રી ગોપેશ કુમાર પણ 'શ્રી ઘનશ્યામયુવક મંડળ' ના પ્રમુખ તરીકે સેવા આપે છે તે બદલ તેઓને પણ ધન્યવાદ આપીએ છીએ.

લિ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસના
સ્નેહ સહિત જયશ્રી સ્વામિનનારાયણ

# લેખકની કલમે....✍

લગા સકો તો બાગ લગાના, આગ લગાના મત શીખો
જલા સકો તો દીપ જલાના, દિલ જલાના મત શીખો
બિછા સકો તો ફૂલ બિછાના, શૂલ બિછાના મત શીખો
પિલા સકો તો પ્યાર પિલાના, જહર પિલાના મત શીખો.

**વ્હાલા ભક્તો !**

**સ્નેહ છે તે તો સહજાનંદ મહાપ્રભુ તરફથી મળેલ અમૂલ્ય ભેટ છે, તેથી તેનો ક્યારેય પણ દુરુપયોગ ન કરવો જોઈએ. માનનો મધપૂડો ગમે ત્યારે ખાલી થઈ જતો હોય છે, જ્યારે સ્નેહ તો ચિરંજીવી છે. આ વિશ્વમાં કુલ ૩૧૧ દેશોમાં રહેલાં ૬૨૫ કરોડ નર-નારીઓ અને નાનાં-મોટાં દરેક જીવ પ્રાણીમાત્રને સ્નેહની જરૂરિયાત હોય જ છે, માટે ડાહ્યા માણસે દરેકને સ્નેહથી બોલાવવા જોઈએ અને સ્નેહપૂર્વકના સંબંધો રાખવા જોઈએ.**

**સ્નેહ છે એ વશીકરણ મહામંત્ર છે ! ભલભલા ચમરબંધીઓને પણ નમાવવાની સ્નેહમાં શક્તિ રહેલી છે, માટે ઈર્ષ્યાને અળગી કરી સ્નેહનો સ્વીકાર કરી જીવન જીવવું જોઈએ, જેના કારણે વ્યાવહારિક માર્ગમાં વિઘ્નોની વચ્ચે પણ આનંદનો અનુભવ માણી શકાય છે.**

**આ પુસ્તકમાં વ્યવહારિક સ્નેહને પ્રાધાન્ય આપ્યું છે, કારણ કે વેરથી અનેક વેરીઓ વધે છે,**

જયારે સ્નેહથી અનેક સ્નેહીઓ વધે છે. આ પુસ્તકનું પઠન કરવાથી પરિવારમાં અને સમાજમાં સ્નેહનો સેતુ બંધાશે એવી શુભેચ્છાથી આ પુસ્તક 'જીવન એક સ્નેહ ઝરણું' લખવામાં આવ્યું છે. આ પુસ્તક નાનું છે, પરંતુ બહેંકી ગયેલાં જીવન માટે પરમઔષધી સમાન છે, તેથી દુર્ગંધયુક્ત દાંપત્ય જીવન જીવતાં દરેક નર-નારીઓને અને ઘૃણાયુક્ત સ્વભાવવાળા દરેક લોકોને માટે 'માર્ગદર્શિકા'ની ગરજ સારે છે; તેથી એવાં સ્ત્રી-પુરુષોએ તો વિશેષ કરી આ પુસ્તકનું વાંચન કરવું જોઈએ. ચરોતર પ્રદેશના માણેજ ગામના અક્ષર નિવાસી પરમભક્તરાજ શ્રી હીરૂભાઈ મોતીભાઈના સ્મરણાર્થે તેઓના સદ્‌ગુણી સુપુત્ર શ્રી ભરતભાઈ પટેલ (હાલ ડલાસ, અમેરિકા) આ પુસ્તકમાં સંપૂર્ણ આર્થિક સહયોગ આપ્યો છે, તે બદલ વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ તેઓના પરિવારને સર્વે પ્રકારે સુખિયા રાખે એવી તેઓનાં ચરણોમાં પ્રાર્થના. ...

લિ. સત્સંગ સેવક બ્રહ્મસ્વરૂપદાસ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧ | જીવનમાં પ્રેમની જરૂર | ૧ |
| ૨ | સ્નેહમાં શક્તિ કેટલી ? | ૫ |
| ૩ | વિનોબાજીનો જવાબ | ૧૧ |
| ૪ | સ્નેહ રૂપી શસ્ત્રની તાકાત | ૧૨ |
| ૫ | પ્રાણીઓનો પ્રેમ | ૧૪ |
| ૬ | સંબંધો સાચવવા સ્નેહની જરૂર | ૧૬ |
| ૭ | જીવન જીવવા સ્નેહની જરૂર | ૧૮ |
| ૮ | સાસુનો જવાબ | ૨૧ |
| ૯ | પારાવારીક પ્રેમની જરૂર | ૨૩ |
| ૧૦ | પરિવાર પ્રિય બનવા માટે | ૨૫ |
| ૧૧ | માનવ પ્રેમ | ૨૮ |
| ૧૨ | સંબંધીઓ કરતાં સ્નેહ શ્રેષ્ઠ | ૩૨ |
| ૧૩ | સ્નેહના અભાવે | ૩૭ |
| ૧૪ | વિશ્વધર્મ અને તેઓની સંખ્યા | ૪૦ |
| ૧૫ | સ્નેહને કારણે | ૪૩ |
| ૧૬ | લાગણીનો અભાવ | ૪૪ |
| ૧૭ | લાગણી પ્રગટ કરવા | ૪૭ |
| ૧૮ | વિજ્ઞાનની શોધને કારણે | ૪૮ |
| ૧૯ | નેહના મેહ બનીએ | ૫૧ |
| ૨૦ | સ્નેહનો દુરુપયોગ | ૫૩ |
| ૨૧ | ઉપસંહાર | ૫૫ |

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# "જીવનમાં પ્રેમની જરૂર"

વ્હાલા ભક્તો ! માણસ એક સામાજીક પ્રાણી છે. એની જરૂરીયાતો કેવળ રોટી, કપડાં અને મકાન જ નથી, પરંતુ જીવનમાં તેને પ્રેમની પણ જરૂર છે. આ લાગણીઓ ઉંમર પ્રમાણે જુદી જુદી રીતે વ્યક્ત થતી હોય છે, તેમજ સંબંધ પ્રમાણે પણ રજુ થતી હોય છે. પ્રેમ એ કેવળ ડંફાસ મારવાનો વિષય નથી, પરંતુ જીવવાનો અને જીરવવાનો વિષય છે.

પ્રેમ ઈમાનદારી શીખવાડે છે, જ્યારે સ્વાર્થ બેઈમાની શીખવાડે છે. પ્રેમ સરળતા શીખવાડે છે, જ્યારે સ્વાર્થ કપટ શીખવાડે છે. આજનો માણસ બહારથી ચતુર અને અંદરથી બેઈમાન બની ગયો છે. એ નથી ઈમાનદારીથી રડી શકતો, નથી હસી શકતો, નથી નાચી શકતો, નથી કહી શકતો અને નથી ઈમાનદારીથી સાંભળી પણ શકતો.

ચાણક્ય પોતાની નીતિમાં વ્યવહારિક પ્રેમ વિષે

લખતાં જણાવે છે કે, “સંબંધીઓના પ્રેમની ખબર સંકટના સમયે પડે છે. મિત્રોની મિત્રતાની ખબર સંકટ સમયે પડે છે અને પત્નીના પ્રેમની પ્રતીતિ પતિ જ્યારે નિર્ધન થઈ જાય અથવા રોગી બની જાય ત્યારે થાય છે. આવા સમયે જે પત્ની સાથ આપે છે તેનો જ પ્રેમ સાચો કહેવાય છે.” એ જ પ્રમાણે પત્ની પણ આજીવન રોગી બની ગઈ હોય ત્યારે જે પતિ અગાઉ જેટલો જ સ્નેહ આપે તે પતિનો સ્નેહ સાચો સમજવો.

કોઈ લેણદારની સાથે આપણી આંખ મળે તો હૃદય સંકોચાઈ જાય છે, કોઈ દુશ્મન સાથે આંખ મળે તો અગ્નિ પેદા થાય છે, પરંતુ કોઈ હેતવાળા સાથે આંખ મળે તો હૃદયને પાંખો આવી હોય એવા આનંદિત થવાય છે. સ્નેહ વિનાના લોકોની ટીકા કરતાં કવિ ગંગ લખે છે કે,

*“રતિ બિન રાજ રતિ બિન પાટ, રતિ બિન છત્ર નહીં એક ટીકો,*
*રતિ બિન સાધુ રતિ બિન સંત, રતિ બિન જોગ ન હોય જતીકો;*
*રતિ બિન માત રતિ બિન તાત, રતિ બિન માનસ લાગત ફીકો,*
*કવિ ગંગ કહે સુન શાહ અકબર, રતિ બિન માનસ એક રતિકો.”*

જિંદગી બાજી છે પ્રેમની, તેને વેરઝેરની રમત બનાવીને કોઈ કશુંય જીત્યું નથી. બીજાનું કશુંક છીનવી લઈને કોઈ સુખ પામ્યા નથી. જે કોઈ સુખ પામ્યા છે તે તો બીજાને સુખ આપીને જ સુખ પામ્યા છે. બીજાનું જીવન હરામ કરી દેવા મેદાને પડેલાઓનું પોતાનું જીવવાનું હરામ થઈ જ જાય છે. પ્રેમ વગરનું જીવન નકામું છે. પ્રેમ એ જીવનને સાર્થક બનાવે છે.

જ્યાં પ્રેમ છે ત્યાં નિઃસ્વાર્થ સમર્પણ અનાયાસે આવે છે. એભલ ખાચરનો પરિવાર-જ્યાબહેન, લલીતા બહેન અને દાદા ખાચર વગેરેને શ્રીજી પ્રભુમાં અગાઢ પ્રેમ હતો તો પોતાનાં તન, મન અને ધન બધું જ સમર્પણ કરી દીધું; તેના કારણે સંપ્રદાયમાં તેઓનું નામ અમર થઈ ગયું છે. પ્રેમ અને સમર્પણ વિના માનવ જાતિની સેવા કરવી એ શક્ય જ નથી. સ્નેહ હોય ત્યાં સમર્પણ હોય છે.

સમર્પણ એ સ્નેહની શરત નહિ, પણ સ્વભાવ છે. કોઈ સ્ત્રીનાં લગ્ન થાય પછી તે સાસરે આવે છે, જો તેને પતિમાં સાચો સ્નેહ હોય છે તો પોતાનું જીવન પતિને સમર્પણ કરી દે છે. જે સ્ત્રીઓને પતિ પ્રત્યે નિઃસ્વાર્થ સ્નેહ નથી હોતો તેના કારણે પોતાનું જીવન સમર્પણ નથી કરતી, તેથી બન્ને વચ્ચે કલહ-કંકાસ શરૂ થતાં હોય છે.

એક વાત ચોક્કસ છે કે, પ્રેમ જોઈતો હોય તો પ્રેમ આપવો પડે છે. પ્રેમ આપ્યા વિના પ્રેમની ઈચ્છા રાખે તે અજ્ઞાની કહેવાય છે. સ્નેહનો ખજાનો એવો છે કે જેટલો વહેંચીએ એટલો વધે છે. ઘણા માણસો આનંદમાં જ હોય છે. આપણે ઘેર તેઓ પાંચ જ મિનિટ બેસે તો પણ વાતાવરણને હસતું કરી નાખે છે. અને કોઈક એવા સોગિયા હોય કે, જેની પાસે પાંચ જ મિનિટ બેસીએ તો પણ એવો થાક લાગે જાણે કે ૨૪ કલાક મહેનત કરી હોય! કઠણાઈ સિવાય એની પાસે બીજી કોઈ વાત જ ન હોય.

યાદ રાખો, જ્યાં ઈગો છે ત્યાં વાસના છે. જ્યાં પ્રેમ છે ત્યાં ઈગો ઓગળી જાય છે. ઈગો (અહંકાર) પીગળીને

પાણી બની જાય છે અને વહેવા માંડે છે. પ્રેમ એ એવું પાણી છે કે સર્વેને ભીંજવી દે છે. સ્વયં ભીંજાયેલો હોય અને સામાને પણ ભીંજવી દે છે.

પ્રેમ પાણી બની જાય છે, જ્યારે અહંકાર ઘન પથ્થર જેવો વાગે છે. સો વર્ષની જિંદગી કરતાં સ્નેહમાં વિતેલાં ૬૦ વર્ષ અધિક છે ! દરેક સાથે મધુર વ્યવહાર રાખો. ખાસ કરીને પડોશીઓ સાથે તો અવશ્ય પ્રેમ રાખો, તેઓ સુખદુ:ખના સાથી કહેવાય છે, સાથી બને છે.

જ્યાં પ્રેમ છે ત્યાં થાક નથી લાગતો. એક નાની બાળા તેના નાનાભાઈને તેડીને જતી હતી. તેને કોઈએ પૂછ્યું : “તું નાની છો અને તારા ભાઈને તેડ્યો છે તો તને થાક નથી લાગતો ?” ત્યારે પેલી કહે “ના, બિલકુલ થાક લાગતો નથી.” પેલો કહે : “તારી નાની ઉંમર જોતાં તો તને થાક લાગવો જ જોઈએ, છતાં થાક નહિ લાગવાનું કારણ શું ?” ત્યારે નાનકડી બાળા બોલી ઊઠી : “મારો ભઈલો છે માટે.”

પછી તે જ માણસે એક નોકરને પૂછ્યું : “તું શેઠાણીના બાબાને તેડીને ફરે છે તો તને થાક નથી લાગતો ?” ત્યારે પેલો નોકર મોઢું બગાડીને બોલ્યો : “શું કરું ? થાક તો ખૂબ જ લાગે છે, પણ ન તેડું ને ન રમાડું તો શેઠાણી કાઢી મૂકે, માટે રમાડવો પડે છે.” જોયુંને ભક્તો ! સ્નેહમાં શક્તિ કેવી છે અને અસ્નેહમાં નબળાઈ કેવી છે ?

# "સ્નેહમાં શક્તિ કેટલી ?"

સ્નેહ એ એવી ભઠ્ઠી છે કે તેમાં પ્રિયજનના સઘળા દોષો બળી જતા હોય છે. સંયોગ સ્નેહ વધારે છે, તો વિયોગ તેને દ્રઢ બનાવે છે. યાદ રાખો, 'આગનેય પણ બાગ બનાવી મૂકે એ સાચો અનુરાગ' કહેવાય છે ! સ્નેહ એ એવો મંત્ર છે કે જેને આ મંત્ર આવડી જાય છે એનું જીવન સુખથી છલકાઈ જાય છે. આ દુઃખી વિશ્વમાં સ્નેહ જ પરમ ઔષધ બની શકે છે. પ્રેમ એ એવું શક્તિશાળી તત્ત્વ છે કે, સત્તા કરતાં પણ એની તાકાત આગળ જાય છે!

પ્રેમની તાકાતને વિશ્વના તમામ દેશો અજમાવે તો યુદ્ધની કે આયુધોની જરૂર પડે નહિ. આજે વિશ્વના વિકસીત દેશો મિસાઈલ વગેરે યુદ્ધનાં સાધનો બનાવે છે અને વિકાસશીલ દેશો તેની ખરીદી કરે છે તેની જેટલી કિંમત ચૂકવવી પડે છે તેટલી કિંમતનું અનાજ અને કપડાં વગેરે જીવન જરૂરીયાતની ચીજો જો વિશ્વમાં રહેતા ગરીબોને વહેંચવામાં આવે તો કોઈ દુઃખી ન રહે, કોઈ ભૂખ્યો ન મરે.

જાણીતા લેખક ગુણવંત શાહે લખ્યું છે કે, "દુનિયામાં દરરોજ ૪૦ હજાર માણસો ભૂખના કારણે મૃત્યુ પામે છે !" હાલમાં આફ્રિકા ખંડના જંગલ વિસ્તારોમાં તો દરરોજ અનેકાનેક માણસો મૃત્યુ પામે છે. બિહાર અને ઓરિસ્સા રાજ્યોમાં પણ ઘણા લોકો ભૂખના કારણે મરણ પામે છે.

ગયા વર્ષે એટલે કે ઈ.સ. ૨૦૦૨ માં ભારતે વિકસીત દેશો પાસેથી ૭૯૪ અબજ ડોલરનો લશ્કરી સામાન લીધો!

૧૦૦ કરોડ એટલે ૧ અબજ. એવા ૭૯૪ અબજ ડોલર. એક ડોલર એટલે ૪૫ થી ૫૦ રૂપિયા. કરો હિસાબ ! લશ્કરી સામાન ખરીદીમાં ભારતનો દુનિયાના દેશોમાં બીજો નંબર આવ્યો ! આની પાછળનું કારણ શું ? શા માટે આટલી જંગી રકમને દારૂગોળા પાછળ વેડફવી પડે છે ? એની પાછળ એક જ કારણ છે કે, આપણા દુશ્મન દેશો ગણાતા ચીન અને પાકિસ્તાનની બીક. જો તે બન્ને દેશોએ આપણી સાથે પહેલેથી જ સ્નેહ રાખ્યો હોત તો આપણને આટલા બધાં હથિયારોની જરૂર પડત ખરી ?

જેમ ભારતને તે બન્ને દેશોની બીક લાગે છે, એ જ રીતે બન્ને દેશોને પણ ભારત તરફથી હૂમલાનો ભય રહે છે; તેથી તો બન્ને દેશોએ અણુ બોંબ બનાવ્યા છે અને તેઓ પણ અબજો ડોલરના લશ્કરી સાધનોની ખરીદી કરે છે. વિચાર કરી હિસાબ કરો કે, ૧ ડોલરની કિંમત ૪૫ થી ૫૦ રૂપિયા થાય છે, તો ૭૯૪ અબજ ડોલરના કેટલા રૂપિયા થાય ?

આટલા રૂપિયા ભારતની પ્રગતિ માટે જો વાપરવામાં આવે અને તેજ પ્રમાણે પાક. અને ચીન તેના હથિયારોના રૂપિયા તેના દેશના વિકાસ માટે વાપરે તો ત્રણે દેશની રોનક બદલાઈ જાય; પરંતુ એ બન્ને દેશોને કોણ સમજાવે કે, તમારા લોઢાનાં શસ્ત્રો કરતાં સ્નેહમાં અનંત ગણી તાકાત છે; એકવાર તમો અજમાવી તો જુઓ! આ અખતરાથી તમારા બન્નેના દેશો સમૃદ્ધ બની જશે અને અમારો હિંદુસ્તાન પણ હરિયાળો બની જશે.

ઝેરી મેલેરિયા થાય તોય તેને સારો કરવાના ઉપાય છે, પરંતુ ઈન્સાનિયત મરવા પડે ત્યારે ઈન્જેક્શન ક્યાંથી લાવવા ? સ્નેહ એ ઓપરેશન થિયેટરનો ભાગ નથી, એ તો હૃદયનું અણમોલ દ્રવ્ય છે. ઈગો લઈને ફરતાં પાકિસ્તાનને એ નહિ સમજાય.

રમેશભાઈ ઓઝા કથામાં કહે છે કે, "યુદ્ધને પ્રેમના આયુધ વડે જીતે તે બુદ્ધ (ડાહ્યો) કહેવાય છે. પ્રેમ જ પ્રેમનો પુરસ્કાર છે. "પ્રેમ જેને જોડે, કોણ તેને તોડે ?"

સ્નેહ એટલે સમર્પણનું કાવ્ય. પ્રેમ છે તે ચંદ્ર છે, જે આપણને ચૂમી લે છે. સ્નેહનું સ્વમાન વિરહની પાનખરમાં નહિ, પરંતુ વાસનાની વસંતમાં કરમાય છે. સાચો સ્નેહ એક એવો પ્રફૂલ્લ ચંદ્રરાજ છે કે, જેની કળા કદી ઘટતી જ નથી. પ્રત્યેક માણસનું હૃદય પ્રેમ-પરબ બની જાય તો પૃથ્વી પ્રેમનગર બની જાય ! પછી ન કોઈ દ્વેષ રહે, ન કોઈનામાં ક્રોધ રહે કે ન કોઈ ઝઘડાઓ કરે; કેવી શાંતિ રહે ?"

પ્રેમ એ શાંતિના પારેવાનો માળો છે. અનુરાગ આસક્તિમાં ફરી જાય તો જીવનમાં આગ લગાડે અને નિ:સ્વાર્થ-નિષ્કામ ભાવમાં પરિણમે તો બાગ પણ ખીલવે ! સ્નેહ એ શ્રેષ્ઠ વશિકરણ વિદ્યા સમ છે. સંપત્તિ કેવળ દેહને ખરીદી શકે, સત્તા કેવળ દેહને દંડ આપી શકે, પણ દિલને તો કેવળ સ્નેહ જ જીતી શકે છે.

જાતના પુરુષો એક વાત યાદ રાખો કે, પતિ બનીને તમે સ્ત્રીનો કેવળ હાથ જ મેળવી શકો છો, પરંતુ તેનું હૈયું મેળવવા માટે તો તમારે સ્નેહી જ બનવું પડે છે. હૃદય છે

તે પ્રેમ પંખીનો માળો છે, માટે તેમાં નફરત રૂપી કચરો ભરવો નહિ.

માણસની મૂળભૂત ઝંખના સ્નેહ પામવાની છે. એ ઝંખના અધુરી રહે ત્યાં સુધી એ સ્વસ્થ બની શકતો નથી. ધનવાન દેશોમાં ધનવાન લોકો આત્મહત્યા કરે છે, તેમાં જે ઘણાં કારણો છે તેમાં એક કારણ આ પણ છે. પરિવાર તરફથી સાચો સ્નેહ નથી મળતો તેના કારણે મન અપસેટ રહેતું હોય છે, અંદર લાગણીઓની જ્યોત બુઝાઈ ગઈ હોય છે; તેના કારણે ટેન્શન દિનપ્રતિદિન વધતું જાય છે.

સમૃદ્ધિથી ભરેલો માણસ હૃદયથી ખાલી થઈ ગયો હોય છે, તેથી જીવન ભારે લાગે છે. સંપત્તિ અગ્નિ સમાન લાગે છે, પરિવારો પારકાં લાગે છે, મિત્રો સ્વાર્થી લાગે છે અને મહેમાનો મડદાં સમાન લાગે છે, તેના કારણે થાકીને છૂટકારો મેળવવાનો છેલ્લો ઉપાય આપઘાત અજમાવે છે. આની પાછળનું કારણ સ્નેહનો અભાવ !

માણસનું હૃદય અન્ન નહિ, પરંતુ સ્નેહ ઝંખે છે. જેમ અન્ન દેહનો ખોરાક છે, તેમ સ્નેહ એ હૃદયનો ખોરાક છે. કલાપી એને 'નાજુક સવારી' કહે છે. સ્નેહનું જળ તત્ત્વ ક્યારેક ક્યારેક આંસુઓ દ્વારા પ્રગટ થતું હોય છે. પ્રેમનું વાયુ તત્ત્વ વ્યક્તિગત મટી સમષ્ટિગત થવા ઝંખે ત્યારે વિશ્વ પ્રેમમાં પરિણમે છે.

સ્વાર્થયુક્ત દલીલો દ્વારા સ્નેહને પામી ન શકાય, પ્રેમને તો માત્ર જીવી જ શકાય. કોઈને આપણે બળથી જીતી શકીએ પણ તેના હૃદયને સ્નેહ વિના જીતી શકાય

નહિ. એ આપણો મિત્ર નહિ બને પરંતુ પહેલાં કરતાં પણ વધારે કટ્ટર શત્રુ બની જશે. અને જેને આપણે પ્રેમથી જીત્યા હોઈશું તો તેના હૃદયનું પણ પરિવર્તન વહેલું-મોડું અવશ્ય થશે. પહેલાં શત્રુ હતા તે હવે આપણા મિત્રો બની જશે. હા, કોઈ દુર્યોધન જેવો અપવાદરૂપ નીકળે, પરંતુ બહુધા લોકો શત્રુતા છોડી મિત્ર બની જાય છે, કેમ કે બળ બીવડાવે છે જ્યારે સ્નેહ પિગળાવે છે.

સ્નેહ સદ્‌ગુણી માણસમાં વિશેષ હોય છે. તે તેઓની ક્રિયામાં પ્રગટ થાય છે અને તેમના જીવનમાં પણ સર્વત્ર દેખાય છે. શારીરિક બળ કરતાં સ્નેહ વધારે શક્તિશાળી છે. જ્યાં બળ નિષ્ફળ જાય છે, ત્યાં સ્નેહ સફળ થાય છે. પ્રેમની પાંખો સજ્જનને ઢાલરૂપ નીવડે છે. તેનું રક્ષણ મળતાં નિર્દોષ માણસ દંડાતો નથી. સ્વાર્થ વૃત્તિ સામે તે ચોક્કસ કવચ પૂરું પાડે છે. હારેલાંઓનો એ વિસામો છે અને પવિત્ર માણસોનું એ મંદિર છે.

હું પણાનો ત્યાગ કરવાથી સ્નેહ તત્કાળ પ્રગટ થાય છે. અંગત લાભની પાછળ દોટ મૂકતા માણસો નિઃસ્વાર્થ સ્નેહને ઓળખી શકતા જ નથી. જ્યાં ઘૃણા, તિરસ્કાર અને અણગમો છે ત્યાં નિઃસ્વાર્થ પ્રેમ સંભવી ન શકે. બધા પ્રકારની ઘૃણાથી જે રહિત છે એવા હૃદયમાં જ તેનો નિવાસ થઈ શકે છે.

પતિ-પત્ની, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, સાસુ-વહુ, નણંદ-ભાભી, દેરાણી-જેઠાણી વગેરે નિઃસ્વાર્થ સ્નેહને રસ્તે વળે તો કુટુંબમાં ક્યારેય પણ ક્લેશ થાય જ નહિ. જે

માણસને સ્નેહની છાલક લાગી છે તે ક્યારેય ઘૃણા કે મૂઢતા આચરતો જ નથી. ગમે તેવી સ્થિતિમાં તે આનંદમાં જ રહે છે. માટે દરેક વ્યક્તિએ પ્રેમમય બની જવું જોઈએ અને આસપાસનાં બધાંને પ્રેમથી નવડાવી નાખવાં જોઈએ.

બધા વિચારોમાં પ્રેમનો વિચાર સૌથી તીવ્ર અને વ્યાપક છે. જો આપણો સ્નેહ નિર્મળ હશે તો આપણે સર્વત્ર સ્નેહ પામીશું અને જો આપણા સ્નેહે મોહનો મ્હોરો પહેરેલ હશે, તો સર્વત્ર ધિક્કારને પાત્ર બનીશું. જે માણસ ધિક્કારપૂર્ણ વિચારો કરે છે તેને ધિક્કાર જ મળે છે, પરંતુ જેને પ્રેમ મેળવવો હોય તેણે પ્રેમાળ બનવું જોઈએ. પ્રેમ કદી વાસી થતો જ નથી, તે તો નિત્ય નવલો રહે છે.

પ્રેમના બળે જ માણસ સુખી થઈ શકે છે, પરંતુ બંદૂક ઉપર હાથ મૂકીને નિશ્ચિંત રહેવા માગે તો તે મૂરખ કહેવાય છે. સૌને સ્નેહની મધુરતા અને સહાનુભૂતિભરી આંખોથી જોવા જોઈએ. સુખી જીવન માટે વિશુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ જ અસલી ખોરાક છે. દરેક પ્રાણીમાત્ર પ્રેમની ભૂખથી તલસી રહ્યું છે, માટે સ્નેહને વહેવડાવો. માનસિક દુઃખો દૂર થઈ જશે. જેના વર્તનમાં સ્નેહસભર સહાનુભૂતિ નથી એ માણસ જગતમાં ભારરૂપ છે અને જેના હૃદયમાં સ્વાર્થયુક્ત દ્વેષ છે એ તો જગત માટે શાપરૂપ છે.

# 'વિનોબાજીનો જવાબ'

આચાર્ય વિનોબા ભાવે ભૂદાન યજ્ઞ કરતા કરતા અજમેર પહોંચેલા ત્યારની આ વાત છે. સામાજીક કાર્ય કરનાર એક અમેરિકન ટૂરિસ્ટ વિનોબાજીને મળવા આવ્યા. થોડા દિવસો રહીને જતી વખતે વિનોબાને કહ્યું : "અમારા અમેરિકા માટે આપના જેવા પવિત્ર પુરુષોનો કોઈ સંદેશો હોય તો મને આપો."

વિનોબાજી બોલ્યા : "તમારા દેશમાં અસ્ત્ર-શસ્ત્ર બનાવનારાઓ છે, તેઓને કહેજો કે ૩૬૪ દિવસ સુધી ખૂબ શસ્ત્રો બનાવે અને ૩૬૫ માં દિવસે તમામ શસ્ત્રો દરિયામાં ફેંકી દે ! આમાં જ દેશની ઉન્નતિ છે. દુનિયા શસ્ત્રથી આધિન કરી શકાતી નથી, પણ સ્નેહથી આધિન બની શકે છે. વિશ્વને પ્રેમ કરવાની આ જ રીત છે, માટે અમેરિકાના સત્તાધારી વ્યક્તિઓને કહેજો કે, સ્નેહ વિના કોઈ દેશની સાચી ઉન્નતિ થતી નથી."

ભક્તો ! સ્નેહ એ માણસના અભિપ્રાયો, સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાનથી બહારની વસ્તુ છે, બહારનું તત્ત્વ છે, એ બધાથી ઉપર અને પારનું તત્ત્વ છે. પ્રેમનો માર્ગ એ જીવનનો માર્ગ છે. એ માર્ગે ચાલનારાઓએ ઝઘડાઓ અને શંકા કુશંકાઓથી દૂર રહેવું જોઈએ.

આવા હલકા દુર્ગુણો જો આપણા મન ઉપર કબજો કરી લે તો આપણે આપણી જાતને છેતરવી ન જોઈએ, પરંતુ આપણે કબૂલ કરી લેવું જોઈએ કે, આપણામાં પ્રેમ નથી. વ્યવહારિક માર્ગ અને આધ્યાત્મિક માર્ગ બન્નેમાં સ્નેહની જરૂર છે, માટે મહાપ્રભુ શ્રીહરિજીને પ્રાર્થના કરીએ કે, આપણામાં સ્નેહનું સરોવર પ્રગટ થાય એવી કૃપા કરે.

# સ્નેહરૂપી શસ્ત્રની તાકાત

*"યાતના સંવેદના દફનાવીએ, દીવડાઓ પ્રેમના પ્રગટાવીએ;*
*હો ઘેર ઘેર રોશની ઉલ્લાસની, એ હવા ચાલો બધે ફેલાવીએ."*

સ્નેહમાં એ શક્તિ રહેલી છે કે ગમે તેવા ક્રૂર લોકો પણ પીગળી જાય છે. માણસોની હત્યા કરી તેની આંગળીઓનો હાર બનાવી ગળામાં પહેરી લોકોને લૂંટતો એવો અંગુલિમાન એક નિર્દય રાક્ષસ જેવો જ હતો, પરંતુ તથાગત બુદ્ધ ભગવાનની કરૂણા અને સ્નેહરૂપી શસ્ત્રથી તે ગભરું ગાય જેવો બની ગયો તથા સંસાર છોડી ભિખ્ખુ બની આજીવન બુદ્ધ પ્રભુનો સેવક બની જીવન સમર્પણ કરી દીધું ! પથ્થરની મૂર્તિ સમાન એ અંગુલિમાને હજારો લોકોને ક્રૂરતા પૂર્વક મારી નાખેલ, પરંતુ બુદ્ધ પ્રભુના પ્રેમ આગળ એ મીણ બની ગયો !

જીવનમાં હંમેશાં દરેક વ્યક્તિએ પ્રેમરૂપી ગુણો ખીલવવા જોઈએ. જિંદગી ટૂંકી છે, સમય ઓછો છે, ત્યારે પ્રેમને બદલે વેર-ઝેર અને મારું-તારું કરીને જિંદગી વેડફી નાંખવી ન જોઈએ. યાદ રાખો કે અહંકાર મજબૂત કિલ્લો છે, તેમાંથી પ્રેમનું દ્વાર જ આપણને બહાર કાઢી શકે તેમ છે.

સોળમી સદીના અંતમાં અકબરની સામે તેનો પુત્ર સલીમ (જહાંગીર) જંગે ચડ્યો હતો તેથી યુદ્ધ અનિવાર્ય બન્યું હતું. તે સમયે રક્તપાત નિવારવા માટે મહારાણી જોધાબાઈએ પુત્ર સલીમ અને પતિ અકબરને સ્નેહના

શસ્ત્રથી શાંત પાડી ભયંકર રક્તપાત અટકાવ્યો હતો. પ્રેમ જ એવું એક રસાયણ છે કે જે અભિમાનને ઓગાળી શકે છે. કોઈપણ સ્થાનમાં અહંકારનો સંઘર્ષ હોય ત્યાં પણ આવું સ્નેહનું રસાયણ અજમાવવામાં આવે તો ઝઘડાઓની જવાળાઓ શાંત થઈ જાય છે.

દરેક વ્યક્તિને સ્નેહની ભૂખ છે. કોઈને પતિ તરફથી ઈચ્છા હોય છે તો કોઈને પત્ની તરફથી, કોઈને માતા-પિતા પાસેથી સ્નેહ જોઈએ છે, તો કોઈ મા બાપને પુત્રો તરફથી પ્રેમની ઈચ્છા હોય છે. વત્સલ વસાણી લખે છે કે, “પ્રેમના સંબંધોનું એક અદ્‌ભૂત વિશ્વ છે. કોઈની યાદ આવે અને માણસની આંખો ભીની થઈ જાય છે. જગતમાં કોઈકને ખાતર મરનારા તો ઘણા મળે, પરંતુ કોઈકને ખાતર જીવી જનારા લોકો બહુ ઓછા મળે છે. કોઈકની ખાતર મરવું એ મૃત્યુને મહત્ત્વ આપવા બરાબર છે, તો કોઈકની ખાતર જીવી જવું એ જીવનને સન્માન આપવા સમાન છે. જગતમાં જેટલી સુંદરતા, કોમળતા, ભીનાશ અને મધુરતા છે એ બધી જ પ્રેમના કારણે છે.

માણસ સમજે કે ન સમજે પણ જિંદગીની આધાર ભૂમિ સ્નેહ જ છે. પ્રેમના આધારે તો જગતનું ઘટબંધન ટકી રહ્યું છે; નહિતર તો એક એક વ્યક્તિ રખડતી થઈ ગઈ હોય . આ વિશ્વ પર એક પણ જીવ એવો નહિ હોય કે જેના અંતરમાં સ્નેહની ઝંખના ન હોય.”

# પ્રાણીઓનો પ્રેમ

અરે ! મનુષ્યોમાં તો હોય છે, પણ પશુ-પક્ષીઓમાં પણ પોતાના બચ્ચાંઓ પ્રત્યેનો સ્નેહ કેટલો બધો જોવા મળે છે ! પાળેલાં કૂતરાઓ, બિલાડીઓ અને પોપટ વગેરે પંખીઓને પણ પોતાના માલિક સાથે અપાર સ્નેહ હોય છે.

મહારાષ્ટ્રમાં ૧૭ મી સદીમાં હિંદુ રાજ્યની સ્થાપના કરનાર અને હિંદુધર્મનું રક્ષણ કરનાર છત્રપતિ શિવાજી મહારાજનો મોતી કૂતરો બહુ બુદ્ધિશાળી હતો. શિવાજી પ્રત્યે તેને ખૂબ સ્નેહ હતો તેને કારણે ઈ.સ. ૧૬૮૦ માં જ્યારે શિવાજી મહારાજ સ્વધામ પધાર્યા ત્યારે મોતી કૂતરો સ્મશાનયાત્રામાં સહુની સાથે ગયો હતો અને જોરજોરથી કરુણ ચિચિયારીઓ પાડી રડતો હતો.

એટલું જ નહિ, પરંતુ જ્યારે શિવાજીની ચિત્તા સળગી રહી હતી ત્યારે સૈનિકોના હાથમાંથી કુદીને ચિતામાં પડી અગ્નિસ્નાન કરી લીધું હતું ! આજે પણ રાયગઢના કિલ્લામાં સ્નેહને તાજી કરતી શિવાજી અને મોતી કૂતરાની સમાધિ મોજુદ છે. મહામાનવ અને નિષ્ઠાવાન પ્રાણીના અનન્ય સ્નેહનું આ અજોડ સ્મારક ઊભું છે.

દિલ્હીના બાદશાહ શાહજહાં પ્રત્યે તેના હાથી ખાલિફદાદને અપાર સ્નેહ હતો, તેને કારણે ઈ.સ. ૧૬૫૮માં શાહજહાંને તેના જ પુત્ર ઔરંગઝેબે કેદ કરી આગ્રામાં જેલમાં પૂરી દીધો ત્યારે પેલો હાથી જેલ સામે બેસી રહેતો હતો. પછી જે દિવસે શાહજહાંનું મૃત્યુ થયું તે જોઈને તુરંત જ સ્નેહી હાથી આઘાતને કારણે મૃત્યુ પામ્યો હતો !

આવા તો અનેક પ્રસંગો પશુ-પંખીઓના ઈતિહાસના પાને જોવા મળે છે. સારસ બેલડીનો સ્નેહ પ્રખ્યાત છે. નર સારસને પારધીએ માર્યો તો માદા સારસીએ વિરહમાં પ્રાણ છોડી દીધા ! આ દ્રશ્ય વાલ્મીકિ ઋષિએ જોયું હતું અને પારધીને શાપ આપ્યો હતો.

પ્રેમના અભાવે વિશ્વમાં યુદ્ધો થાય છે, હિંસાઓ થાય છે અને કોમી રમખાણો થાય છે. પ્રેમથી ભરેલું હૃદય ક્યારેય પણ કોઈનું અહિત ન કરી શકે, કદાપી કોઈની હત્યા ન કરી શકે. કદાચ ઈચ્છે તો પણ એનાથી જાતને કલુષિત કરનારું કર્મ ન થઈ શકે; કેમ કે પ્રકાશની હાજરીમાં અંધકારનો પ્રવેશ શક્ય જ નથી, તેમ પ્રેમની હાજરીમાં આ બધાનો પ્રવેશ અસંભવ બની જાય છે.

આપણા ધનની તિજોરી ભલેને ભરચક ભરેલી હોય, પણ દિલની તિજોરી-સ્નેહધન વિનાની હોય તો શું વળ્યું ? લગ્નજીવનને સુખી અને સફળ બનાવવાની સ્નેહ અને સહનશીલતા બે ચાવીઓ છે. સ્નેહ વિના સૌંદર્ય, ધન વિનાની તિજોરી જેવું લાગે છે. સ્નેહથી જીવન નંદનવન બને છે.

ઘણા લોકોની દલીલ એવી હોય છે કે પડોશીઓના વિચિત્ર સ્વભાવને કારણે જ અમારે ખરાબ થવું પડે છે અને ઝઘડાઓ કરવા પડે છે. પછી એના પાડોશીને પૂછીએ તો તેઓ પણ આવો જ જવાબ આપશે. આની પાછળનું જો કોઈ કારણ હોય તો તે સ્નેહનો અભાવ જ છે. માટે સ્નેહને જીવનમાં અપનાવી લેવો.

# સંબંધો સાચવવા સ્નેહની જરૂર

પ્રેમ એ સ્વાભાવિક પ્રકૃતિ છે, જ્યારે ધિક્કાર એ વિકૃતિ છે. તમે પડોશીને પ્રેમથી બોલાવશો તો તેઓ પણ ધીરે ધીરે નફરત છોડી સ્નેહથી બોલાવવા લાગશે. જિંદગીને કેવળ હક્કના ત્રાજવે નહિ તોળાય, અહીં પ્રેમના બાટ (કાટલાનો સેટ) પણ ઉપયોગમાં લેવા જ જોઈએ.

તમે જ્યારે કોઈની થોડી પણ પ્રશંસા કરો છો ત્યારે તમે તમારા હક્કનો જ ઉપયોગ કરતા હો છો, પણ એમાં જે પ્રેમાળતા અને સરળતાની સુવાસ છે એની વાત જ જુદી છે. કોને હક્કથી ઝેર ખવડાવવું અને ગોળ ખવડાવવો એ બેમાં મોટો તફાવત છે.

આપણે જ્યારે પ્રેમ અને સમજણ સાથે ચાલવા લાગીએ છીએ ત્યારે સામેથી પણ એના પડઘા અનોખા જ પડતા હોય છે. પરમ આનંદ માટે વડોદરાના ‘લક્ષ્મી વિલાસ પેલેસ’ની જરૂર પડતી નથી (તે મહેલ ગુજરાત રાજ્યમાં સૌથી મોટો છે.) ઉદેપુરના ભવ્ય રાજમહેલની જરૂર પડતી નથી. (તે મહેલ આપણા સત્સંગી ઝમકુંબાનો છે. હાલમાં તેમાં  મોટું મ્યુઝિયમ છે. દેશ-વિદેશથી હજારો લોકો જોવા આવે છે.) કે પછી દિલ્હીમાં આવેલ રાષ્ટ્રપતિ ભવનની જરૂર પડતી નથી. (તે રાષ્ટ્રપતિનું નિવાસ સ્થાન છે. ક્ષેત્રફળની દ્રષ્ટિએ કે રૂમોની દ્રષ્ટિએ પણ ભારતમાં એના જેટલો મોટો બંગલો કોઈનો નથી; તેમાં ૪૦૦ ઓરડાઓ છે !)

INDEX



તો પરમ આનંદ માટે વિશાળ મહેલની જરૂર નથી પડતી, પરંતુ ભાવનાશીલ પ્રેમસભર હૃદયની જ વધારે જરૂર પડે છે. પ્રેમ એક દ્રષ્ટિ છે, જે કુરૂપને પણ રૂપવાન બનાવે છે. ભોજન હોય પણ ભૂખ ન હોય તો ભોજન શું કામનું ? દ્રશ્ય સુંદર હોય, પણ દ્રષ્ટિ જ ન હોય તો દ્રશ્ય શા કામનું ? એમ શરીર સુંદર હોય, પરંતુ સ્નેહ જ ના હોય તો તે સુંદર શરીર પણ શું કામનું ?

સ્નેહ જ જીવનમાં સંબંધો ટકાવી રાખે છે. સાચા સ્નેહમાં કોઈ પણ પ્રકારની પૂર્વ શરત ન હોય, માગણીઓ ન હોય, અરસપરસની સોદાબાજી ન હોય અને લેવડ-દેવડનો વ્યવહાર પણ ન હોય કારણ કે, સ્નેહ એ અંદરની ભાવના છે. નર્યો રાજીપો જ છે.

પ્રસિદ્ધ કવિ અને ચિંતક એવા સુરેશ દલાલ લખે છે કે, "લગ્ન એ પ્રેમની સામાજીક સંમતિ છે જ્યારે પ્રેમ એ હૃદયની અંગત સંમતિ છે. પ્રેમ એ જીવનનું સત્ય છે. સત્ય ક્ષણિક ન હોય."

શિયાળામાં રાતે તાપણું જેમ હૂંફ આપે છે, એમ સુખદુઃખના પ્રસંગોમાં પ્રેમ હૂંફ આપે છે. પ્રેમના અનેક સ્તર હોય છે. પ્રેમનું કેન્દ્ર વાસના પણ હોય છે અને ઉપાસના પણ હોય છે ! વાસના વ્યક્તિ સાથે હોય છે, જ્યારે ઉપાસના શ્રીહરિજી પ્રત્યે હોય છે. જીવન જીવવું એટલે શું ? કેવળ શ્વાસ લેવા ? અરે શ્વાસ તો ઢોર પણ લે છે, પરંતુ શ્વાસમાં સ્નેહની સુગંધ હોવી જોઈએ.

# જીવન જીવવા સ્નેહની જરૂર

પ્રેમમાં અહંનું સંપૂર્ણ વિસર્જન હોવું જોઈએ; પછી તે વ્યક્તિ માટેનો પ્રેમ હોય, પરિવાર માટેનો પ્રેમ હોય, સમાજ માટેનો સ્નેહ હોય કે પૂરી માનવ જાત માટેનો હોય. સ્નેહીની ગેરહાજરી હોય છે ત્યારે આખી દુનિયા ખાલીખમ લાગતી હોય છે. આપણે કોઈ પણ અપેક્ષા વિના સામેની વ્યક્તિ માટે કંઈક કરીએ તેને વ્યવહારિક પ્રેમનું વાસ્તવિક લક્ષણ કહી શકાય છે. વિરહ પ્રેમને ધાર કાઢી આપે છે અને પ્રિય વ્યક્તિનું સાનિધ્ય પ્રેમને સબળ કરે છે. પ્રેમ શબ્દની શું દશા થઈ રહી છે તેનું વર્ણન કવિ સુરેશ દલાલ એક કાવ્યમાં લખે છે કે,

*"પ્રેમ હવે પલટાતી મોસમમાં છે,*
*રતિ અને કામદેવ મ્યુઝિયમમાં છે !*
*માણસ તો પ્લાસ્ટિકની ટેન્ક તોપ જેવા,*
*I LOVE YOU શબ્દો હવે લોલીપોપ જેવા*
*રાસ હવે કેબરેની (ડાન્સ) ધામધૂમમાં છે,*
*રાધા અને કૃષ્ણ હવે ફિલ્મમાં છે."*

તત્ત્વ ચિંતક રત્નસુંદરસૂરિજીના શબ્દોમાં લખું તો, "જેમ માટી ભીની હોય છે ત્યારે એના પર મનગમતા આકારો માટલું-કોડિયું વગેરે ઉપસાવી શકાય છે, તેમ હૃદય જ્યારે સ્નેહથી સભર હોય ત્યારે સુંદર જીવન જીવવાના નિર્ણયો સહજ જ લઈ શકાય છે. જીવનમાં તર્કને એવું પ્રાધાન્ય ન આપવું જોઈએ કે જેને કારણે લાગણીના સંબંધોમાં કડાકો બોલી જાય, અને કૌટુંબિક ભાવના

વેરવિખેર થઈ જાય; કદાચ સફળતા મળી જાય પરંતુ પ્રસન્નતા નંદવાઈ જાય છે.

પદાર્થના નુકશાનથી બચી શકાય, પરંતુ પ્રેમની નુકશાની ઊભી થઈ જાય છે. વિજય મળી જાય, પણ પાછળ વિષાદ છોડતો જાય છે. પ્રેમ શબ્દને કાગળ ઉપર લખવો સહેલો છે, જીભ ઉપર બોલવો સહેલો છે, આંખોથી વાંચવો સહેલો છે, પરંતુ જીવનમાં જીવતો કરવો મહા મુશ્કેલ છે. જો જીવનમાં સ્નેહની સૌરભ મહેંકી ઊઠે તો તો જગતમાં કોઈનો કોઈ દુશ્મન જ ઉત્પન્ન ન થાય."

હે ભક્તો ! આગ જેમ ગમે તેવા પણ કઠણ પદાર્થોને ખાઈ જાય છે, તેમ પ્રેમ પણ ગમે તેવા જાલિમ દોષોને પી જાય છે. એમાંય માતા-પિતાનો પુત્ર પ્રત્યેનો પ્રેમ, ગુરૂનો શિષ્ય પ્રત્યેનો પ્રેમ અને ભગવાનનો ભક્ત પ્રત્યેનો પ્રેમ; એની ઉદારતાનું કોઈ વર્ણન થાય તેમ નથી. એ દરેક પ્રેમ ઉત્તરોત્તર એકબીજાથી ચઢીયાતા છે.

ઉપરોક્ત કહ્યો એ પ્રેમ ક્યારેક કઠોર દેખાય ખરો, ક્યારેક પીડાદાયક અનુભવાય ખરો, પણ એ પ્રેમ હોય છે સોય જેવો; આગળ કાણું જરૂર પાડે, પરંતુ પાછળ સાંધી દીધા વિના ન રહે.

પ્રેમ એ એવો તાંતણો છે કે આપણી બાજુ જ ખેંચ્યા કરીએ તો એ તૂટી જાય છે અને સામા તરફ રાખીએ તો એ વધુને વધુ મજબૂત થતો જાય છે. ચીનના ધર્મગુરૂ કન્ફ્યુશિયસ કહેતા કે, "જે માણસના હૃદયમાં પ્રેમભાવ નથી તેને ભજન-કીર્તન શા કામનાં ? તેને વિધિઓ સાથે શું લેવા-દેવા ?"

આપણા જીવનમાં જેણે પ્રેમ આપ્યો હોય તે પ્રત્યે દ્વેષ ક્યારેય કરવો નહિ, જેણે વાત્સલ્યનાં આંસુઓ વહાવ્યાં હોય તે સાથે ક્રૂરતા કરવી નહિ, જેણે લાગણીની હૂંફ આપી હોય તે પ્રત્યે ક્યારેય ઉપેક્ષાની ફૂંક મારવી નહિ, જેણે આપણા જીવનમાં સાકર મૂકી હોય તેના જીવનમાં કડવો રસ મૂકવાનું ક્યારેય પણ વિચારવું નહિ અને જેણે જીવનમાર્ગમાં ફૂલો બિછાવ્યાં હોય તેઓ પ્રત્યે કાંટા ક્યારેય પણ પાથરવા નહિ.

સ્નેહ જો જીવનમાં આવી જશે તો દરેક સ્નેહી લાગશે, નહિ તો દુર્યોધનની જેમ કોઈ સજ્જન નહિ દેખાય. નિર્દોષ પ્રેમ એ તો નિર્ભેળ અમૃત છે. પ્રેમમાં મારા તારાના ભેદભાવ ભળી શકતા નથી. બદલો મેળવવાની આશા પ્રેમના વ્યવહારોમાં ઠગારી નીવડે છે. ઘર એટલે કેવળ ચાર દીવાલો નહિ, પરંતુ બહાર નીકળ્યા પછી પાછા ફરવા માટે માણસ તત્પર રહે તે.

એવું તે શું છે આ ઘરમાં કે જતાં જતાં છૂટા પડવાનું દુ:ખ લાગે અને પાછા વળવામાં સુખ ઉપજે ? આની પાછળનું કારણ કેવળ સ્નેહ જ છે. પરિવારમાં એકમેક પ્રત્યે વહાલ ઊભરાતું હોય તો જલ્દી ઘેર આવવાની ઈચ્છા થઈ આવે છે; નહિતર એમ વિચાર આવે કે બધા સૂઈ જાય પછી ઘેર જાઉં એટલે શાંતિથી જમી તો શકાય!

દરેક વ્યક્તિએ એક વાત માનવી જ રહી કે, સારો બંગલો કે બંગલાના ફર્નિચર માટે ઘરનો માણસ જલ્દી ઘેર આવતો નથી. અરે સુદામા જેવી ઝુંપડી જ હોય, પણ અંદર

રહેનારાઓનાં હૃદય સ્નેહથી ભરેલાં હોય તો બહાર ગયેલા સભ્યો હોંશે હોંશે ઘેર આવે છે; આવું જો ન હોય તો બિચારા માણસને મજબૂરીથી ઘેર આવવું પડે છે, જમવું પડે છે અને ઘરમાં રહેવું પણ પડે છે.

ઈ. ૧૯૯૫-૯૬માં હું બે વર્ષ માટે અમેરિકામાં હતો ત્યારનો અમેરિકાનો મારો અનુભવ લખું છું. એક હરિભક્ત રાત્રે મોડા સુધી મારી સાથે બેસી રહ્યા તેથી મેં કહ્યું : "ભાઈ ! ઘણો સમય થઈ ગયો છે, માટે ઘેર જાઓ." ત્યારે તેણે નિઃસાસો નાખતાં કહ્યું : "ઘેર જઈને શું કરૂં, ત્યાંતો હોળી સળગે છે, ઘરવાળી અખંડ ટકટક કર્યા જ કરે છે, મને તો ઘેર જવાની ઈચ્છા જ નથી થતી."

આવું તો ઘણાં ઘરમાં ચાલી રહ્યું છે, માટે પારિવારિક સુખ માટે પણ સ્નેહની અતિ આવશ્યકતા છે. યાદ રાખો, ઘરનો આધાર દીવાલો નહિ, પરંતુ ઘરના સભ્યોનું એકમેક પ્રત્યેનું વહાલ છે.

## સાસુનો જવાબ

આશરે ૫૦ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં ઘેર ઘેર એવું જોવા મળતું કે ગમે તેવી ગુણિયલ વહુ હોય તોય બિચારીને સાસુનાં મહેણાં-ટહોણાંનો ભોગ બનવું જ પડતું. સાસરે આવે ત્યારથી સાસુનો ઉપદ્રવ શરૂ થાય તે ત્યાં સુધી શરૂ રહે કે જ્યાં સુધી તે સાસુ ન બને ! અને કરૂણા તો જુઓ ? એ સાસુ થાય એટલે તેની વહુ ઉપર ખીજાવાનું શરૂ કરે. દરેક સાસુઓ ફોજદારની જેમ જ વહુઓ સાથે વાત

કરતી હોય અને વર્તન કરતી હોય ! અને કોઈક ઘરમાં સાસુ સારાં સ્વભાવનાં હોય તો ઘરની સી.આઈ.ડી. ગણાતી નણંદની ગાળો ખાવી પડતી એવો જમાનો હતો, પરંતુ મારે ફોજદાર જેવી સાસુની વાત નથી કરવી, પરંતુ કૌશલ્યા જેવી સાસુની વાત કરવી છે, સ્નેહથી સભર હૃદયવાળી સાસુની વાત કરવી છે.

એક સુખી પરિવારમાં લગ્ન થયાં. નવી વહુ ઘરમાં આવી. તેણે પિયરમાં ઘેર ઘેર જોયેલું કે બહુધા સાસુઓ પોતાની વહુઓ સાથે દીકરી જેવું વર્તન કરતી નથી, પણ દુશ્મન જેવું વર્તન કરતી હોય છે; તેથી સાસુને ભાળે અને હૃદયના ધબકારા વધી જાય !

સાસુને ખ્યાલ આવી ગયો કે, “મારી સાથે વાત કરવામાં વહુ ગભરાય છે, પાસે આવતાં પણ ડરે છે, હું એને મારી દીકરી માનું છું, પણ એ મને માતા સમજતી નથી, પરંતુ એક ફોજદાર જેવી સમજે છે, કેવળ કૃત્રિમ સ્નેહ બતાવે છે. દીકરી તો માતા સાથે લાડકોડથી રહેતી હોય છે, જ્યારે મારી વહુ તો પારકા ઘરમાં રહેતી હોય એમ રહે છે, માટે એને રાજી કરવા સાચા હીરાની નથડી ભેટ આપું.”

સ્નેહની ભાવના જગાવવા માટે સાસુએ હીરાની નથડી વહુના નાકમાં પોતે પહેરાવી તેથી વહુનો ભય ઓછો થયો, પરંતુ બન્યું એવું કે, બીજા દિવસે હીરાની નથડી ક્યાંક ખોવાઈ ગઈ ! વહુ તો વધારે ગભરાઈ ગઈ. સાસુના ડરથી કહ્યું નહિ, પણ મળવાની આશાએ સતત ગોત્યા કરે. સાસુને ખ્યાલ આવી ગયો તુરંત બીજી નથડી

INDEX



આપીને કહ્યું : "બેટા ! ખાલી નાક સારું ન લાગે, લે આ પહેરી લે."

સાસુનો સ્નેહ જોઈ વહુ રડી પડી અને નથડી ખોવાયાની વાત કરી. ત્યારે સજ્જન સાસુએ સરસ જવાબ આપતાં કહ્યું: "બેટા! હીરાની નથડી તો બીજી પણ મળશે, પરંતુ તારા અંતરમાં મારા પ્રત્યેનો જે ભાવ જાગ્યો છે તે જો ખોવાઈ જશે તો કઈ બજારમાંથી પાછો લાવીશ ?" આવું સાંભળી વહુનું હૃદય ભરાઈ ગયું અને પોતાની સગી માતાને ભેટી પડે તેમ સાસુને ભેટી રડી પડી. વહુનો સ્નેહ જોઈને સાસુની આંખોમાંથી પણ સ્નેહની ધારા વહેવા લાગી.

*"કૂવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;*
*બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર."*

## પારાવારિક પ્રેમની જરૂર

ઘણા લોકો માનતા હોય છે કે રૂપિયા હોય તો બધું મળી શકે છે, પરંતુ તે સત્ય નથી. પૈસાથી તો પદાર્થો મળી શકે છે, પરંતુ પ્રેમ ખરીદી શકાતો નથી. અરે પ્રેમના અભાવથી અમુક ધનવાનો પણ આપઘાત કરતા હોય છે, જો પૈસાથી બધું મળી જતું હોય તો ઉદ્યોગપતિઓને શું કામ આત્મહત્યા કરવી પડે ? માટે એ વાતમાં તથ્ય નથી.

સંસારમાં સૌથી શક્તિશાળી સ્નેહ છે. મનુષ્યને કે પ્રાણીમાત્રને વશ કરવાનો આનાથી મોટો કોઈ વશીકરણ મંત્ર નથી. પ્રેમની ભૂખ તો પશુ-પંખીઓને પણ હોય છે,

તો પછી માણસને તો કેમ ન હોય? જીવનમાં સફળ થવું હોય તો બીજાઓને પ્રેમ આપો. પ્રેમ જેવી અદ્ભૂત ચીજ બીજી એક પણ નથી. ગમે તેવા વાતાવરણમાં પણ તમારું પ્રેમાળ હાસ્ય મોટો પ્રભાવ પાડી દે છે. આપણી નિરાશાના દિવસોમાં લોકોને આપેલ પ્રેમ આપણાને જરૂર મદદ કરશે.

જે બાળકો પોતાનાં માતા-પિતા થકી સ્નેહ જ નથી પ્રાપ્ત કરી શક્યાં તે સંતાનો મોટાં થયા પછી બીજાઓને પ્રેમ આપી શકશે નહિ. આજે વિદેશોમાં બહુધા જોવા મળે છે કે, સંતાનોને સ્નેહ કરવાનો ટાઈમ જ નથી મળતો. જ્યારે ટાઈમ મળે છે ત્યારે અન્ય પાર્ટીઓમાં જવાનું ગોઠવાઈ ગયું હોય છે.

આજે દેશ-વિદેશોમાં મોટા ભાગનાં બાળકો ટી.વી. સાથે પ્રેમ કરતાં થઈ ગયાં છે, તેમાં માબાપ પણ જવાબદાર છે. વર્તમાનકાળમાં ડોલર અને રૂપિયા પાછળની આંધળી દોટે સંતાનોને સ્નેહ વિહોણાં બનાવી દીધાં છે.

પ્રેમ હવાના જેવો હોય છે, દેખાય નહિ, પરંતુ આપણી આસપાસ અનુભવાય છે. પ્રેમ એટલે અપેક્ષા વિનાની કેવળ લાગણી. પગાર લેવો છગનભાઈ પાસેથી અને વફાદારી મગનભાઈની જાળવવાની ! રહેવાનું સાસરીયામાં અને વફાદારી જાળવવાની પિયરયાની ? આવી વૃત્તિ ધરાવતી વહુ સાસરીયાનો સ્નેહ ક્યારેય પણ પામી શકતી નથી, તે બિલકુલ સમજાય જાય એવી વાત છે; માટે પિયર જેટલો જ સ્નેહ સાસરીયાઓ પ્રત્યે રાખવામાં આવે તો વહુ દરેકનું પ્રિય પાત્ર બની જાય છે.

સ્નેહથી અને સમાધાનથી ઘરને લીલુંછમ રાખવાના સંખ્યાબંધ અવસરો તો જીવનમાં આવ્યા હોય, પણ આપણે પ્રેમના સ્થાને દ્વેષને અપનાવીને, સ્નેહના સ્થાને ઉકળાટને અપનાવીને અને સમાધાનને બદલે સંઘર્ષનો રસ્તો અપનાવીને જીવનને વેરાન બનાવી દઈએ તો ઘર સ્મશાનવત્ બની જાય છે અને આપણું જીવન પણ બરબાદ થઈ જાય છે.

કુટુંબના કોઈપણ સભ્યે પરિવારના સભ્યો પાસેથી પ્રેમ, સમર્થન અને વફાદારી માગતા પહેલા પોતે પહેલ કરી જીવનમાં તે ત્રણેય અપનાવવાં જોઈએ, તેથી સામેની વ્યક્તિ પણ આપણી સામે ઝૂકી જવા મજબૂર બની જાય છે. આપણા જીવનમાં ઉપરોક્ત આચરણ કર્યા વિના આપણે કોઈના નથી બની શકતા કે કોઈ આપણું બની શકતું નથી.

## પરિવાર પ્રિય બનવા માટે

માની લઈએ કે આપણે પરિવાર તરફ પોતાપણાની ભાવના રાખી તેને પ્રેમથી વફાદારીથી કે સમર્થનથી તેના બનીને રહીએ છતાં તેઓ આપણી સાથે કદાચ સારો વ્યવહાર ન પણ રાખે તોપણ તેના વિષે દ્વેષ રાખવો ન જોઈએ, નહિતર આપણા સુગંધિત જીવનમાં દુર્ગંધરૂપી દ્વેષ ફેલાતો જશે.

યાદ રાખો, સામેની વ્યક્તિ સારી હોય તો જ મારે સારા બનવાનું હોય તો એનો અર્થ એ થયો કે આપણે

કેવા બનવું એનો નિર્ણય આપણા હાથમાં નથી, પણ સામેની વ્યક્તિના હાથમાં જ છે. જો સામી વ્યક્તિ ખરાબ છે તો મારે પણ ખરાબ જ રહેવાનું; દારૂને પપ્પા પીતા હોય તો મારે પણ વ્યસની બની જવાનું, સાસુ વાઘણ જેવી હોય તો મારે પણ સાપણ જેવી બની જવાનું, મોટોભાઈ કામચોર (આળસુ) છે, તો મારે પણ દિલદગડા જ બની જવાનું; નણંદ નિંદાખોર છે, તો મારે પણ ચૂગલીખોર બની જવાનું; સાસુ એદી છે તો મારે પણ સોફામાં જ પડ્યા રહેવાનું; બહેન સ્વતંત્ર બનીને મર્યાદા છોડી રખડ્યા કરે છે, તો મારે પણ ફેલફિતુર કરવાના;

અરે ! ગુંડા સામે ગુંડાગીરી જ દાખવવા માગનારે પ્રસન્નતાની અપેક્ષા જો રાખવાની નથી હોતી તો પછી ગલત સ્વભાવવાળા સામે ખોટા સ્વભાવ રાખનારના જીવનમાં પ્રસન્નતાનાં પુષ્પની સુગંધ કેવી રીતે આવશે ? ખરી રીતે તો જેની સાથે આપણને ફાવતું નથી ત્યાં જ આપણે આપણી સ્નેહ શાંતિ પ્રગટ કરવાની હોય છે. આ મહાન ગુણ સત્સંગની માતા અને અમારા આદિ ગુરૂવર્ય સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીના જીવનમાં સાંગોપાંગ જોવા મળતો હતો.

જ્યારે જ્યારે દ્વેષીઓ કે વૈરાગી - બાવાઓ સંતોને મારવા આવ્યા હતા કે ઉત્સવ-સમૈયાઓમાં વિઘ્નો કરવા આવ્યા હતા, ત્યારે તેઓની સાથે મુક્તમુનિ સ્નેહથી વિનમ્ર બની સ્વાગત કરીને વાત કરતા અને જમાડતા. તેના કારણે તે બાવાઓ તત્પૂરતા ગભરું ગાય જેવા નરમ બનીને જતા રહેતા હતા. કોઈ દ્વેષીને વશ કરવો હોય તો સ્વામિનારાયણ

ભગવાન પોતે જ મુક્તાનંદ સ્વામીને મોકલતા હતા.

પરિવારમાં જોઈએ તો પિતા સાથે પુત્રે; સાસુ સાથે વહુએ; માતા સાથે દીકરીએ; મોટાભાઈ સાથે નાનાભાઈએ; જેઠાણી સાથે દેરાણીએ અને વડીલો સાથે નાનાઓએ સ્નેહથી શાંતિની શરૂઆત કરવી જોઈએ; એમાં જ આપણું જીવન શોભી ઊઠે છે, અને લોકો આપણાં વખાણ કરતાં થાકતા જ નથી.

જો આવું કરવા છતાં પણ તેઓ આપણી પ્રત્યે લાગણી ન બતાવે તો વ્યવહારમાં તેઓ સાથે વિરામ મૂકી દેવો, પરંતુ એવું ન કરવું કે તેઓ મને પરેશાન કરે છે તો હું કરું; તેઓ મારી નિંદા કરે છે તો હું પણ કરૂં; તેઓ મારી વિરુદ્ધ બીજાઓને ઉશ્કેરે છે તો તેવું હું પણ કરૂં; આવું કરવાથી તો સત્સંગમાં અને સમાજમાં ટીકાને પાત્ર બનીશું તેમજ આપણું સુગંધીત જીવન દુર્ગુણોથી ગંધાઈ ઊઠશે, સજ્જનો અને હરિભક્તો આપણને કહેશે કે, એતો એવા છે જ પરંતુ તમે પણ એના જેવા થયા ?

જો આપણને સહુની સાથે - આદરભાવથી રહેવાની ઈચ્છા છે, સહુને આપણા બનાવવાની ઈચ્છા છે અને માનસિક પ્રસન્નતા રાખવાની ઈચ્છા છે, તો સ્વભાવ સુધારવાની શરૂઆત આપણે જ કરવી પડશે, વાણીમાં મધુરતા લાવવાની શરૂઆત આપણે જ કરવી પડશે, દિલને પ્રેમસભર બનાવવાની અને દયાપૂર્વક જીવન જીવવાની શરૂઆત આપણે જ કરવી પડશે.

લોકપ્રિય બનનાર વ્યક્તિએ પ્રથમ પરિવાર પ્રિય

બનવું જોઈએ. પરિવારમાં અપ્રિય બન્યા રહીને પરિવાર પ્રત્યે મનમાં દ્વેષભાવને અકબંધ રાખતા રહીને લોકપ્રિય બનવામાં કદાચ દંભના કારણે સફળતા મળી જાય પરંતુ પરિવાર પ્રિય અને પ્રભુપ્રિય બની જવામાં સફળતા મળે એવી તો કોઈ શક્યતા જ નથી.

પ્રેમ હોય અને શબ્દો ન હોય તો ચાલે, એકલો પ્રેમ પર્યાપ્ત છે. સુંદર શબ્દો હોય, પણ પ્રેમ ન હોય તો એ અર્થહીન છે; એવા શબ્દો નિષ્પ્રાણ છે, પરંતુ પ્રેમ અને શબ્દો બંને હોય તો તો સોનામાં સુગંધ ભળી કહેવાય. પોતાના પ્રેમને શબ્દો વડે વ્યક્ત કરવો એ વિવેક કહેવાય છે.

## માનવ પ્રેમ

*" ખેર (કાંથો) ખૂન ખાંસી ખુશી, વેર પ્રીતિ મદ્યપાન;*
*રહિમન દાબે ન દબે, જાનન સકલ જહાન. "*

કવિ રહિમખાંને આ દોહામાં કહ્યું છે તે બિલકુલ સત્ય છે. આમાં પ્રેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. માણસો સાથે માત્ર પૈસાનો જ વ્યવહાર ન કરવો જોઈએ, પ્રેમનો પણ કરવો જોઈએ. માણસ પ્રેમનો પૂરો અધિકારી માનેલો છે, એવું સમજી દરેક વ્યક્તિને સ્નેહ સાથે બોલાવવો જોઈએ. આપણો અન્ય સાથેનો પ્રેમપૂર્ણ વ્યવહાર આપણને તો પ્રસન્નતા આપશે જ, પરંતુ સામેની વ્યક્તિના જીવનનેય પ્રસન્નતાથી તરબતર કરી દેશે.

એટલા માટે તો વિદેશોમાં દરેક વસ્તુની ખરીદીની લેવા-દેવામાં અંતે 'થેંક્યું' કહેવાનો સુંદર રિવાજ છે.

આપણા સ્ટોરમાં ગ્રાહકો આવે અને આપણે મુખ પર સ્મિત રાખીને તેઓ સાથે વાત ન કરીએ તો તે ગ્રાહક ફરીને આવવાનું બંધ કરી દે છે, આવા તો અમેરિકામાં અનેક પ્રસંગો બન્યા છે અને હજું બની રહ્યા છે; છતાં પણ અમુક આપણા ભારતીયો જડ પ્રકૃતિના હોય છે તેઓ દિવેલ પી ગયા હોય એવું મુખ રાખીને સ્ટોર વગેરે ચલાવે છે.

ભારતમાં તો ઘણા શેઠિયા લોકો નોકરો સાથે અને મજૂરો સાથે એના બાપનું વેર હોય એવાં મોઢાં રાખીને વ્યવહાર કરતા હોય છે. નોકરો સાથે ક્યારેય પણ હસવાનું નહિ, એવો નિયમ રાખ્યો હોય ને શું ? એવા માલિકો ઘણી જ્યાએ જોવા મળે છે. ૨૪ કલાક કાં તો ટેન્શનમાં જ હોય અથવા ધનના કેફને કારણે ગંભીર મુખ રાખી બેઠા હોય છે. ન તો ખૂલ્લા દિલથી હસી શકે, કે ન તો પ્રેમથી બીજા સાથે વાત કરી શકે; આવા અહંકારીઓને સ્નેહથી કોઈને બોલાવવામાં પોતાની નાનપ મનાતી હોય છે.

અંગ્રેજ કવિ વોલ્ટર ટ્રોબીશ લખે છે કે, “પ્રેમ છે એ પામવા જેવી લાગણી છે. પ્રેમ પુષ્પની એક પાંખડી છે. દર્દની બીજી પાંખડી સાથે સાથે તે ખીલે છે.” રત્નસુંદર સૂરિજીના શબ્દોમાં લખું તો, સાકરમાં મીઠાશ છે તો કડવાશ નથી અને કારેલાંમાં કડવાશ છે તો મીઠાશ નથી. પાણીમાં તરલતા છે તો ઘનતા નથી અને લોખંડમાં ઘનતા છે તો તરલતા નથી; પરંતુ પ્રેમમાં તો આનંદ પણ છે અને ઉદ્વેગ પણ છે ! પ્રસન્નતા પણ છે તો ગ્લાની પણ છે.

કંઈક આપી શક્યાનો આનંદ છે, તો કંઈક ન આપી શક્યાનો ઉદ્વેગ પણ છે. સામેના માણસના દુ:ખનો ભાર

કંઈક અંશે હળવો કરી શક્યાની પ્રસન્નતા છે, તો બધું જ દુ:ખ દૂર ન કર્યાનો અજંપો પણ છે. પ્રેમ એ એવી મૂડી છે કે બીજાને ગમે તેટલી આપીએ તો પણ તેમાંથી ઘટાડો થતો નથી. માટે પ્રેમ આપવામાં ક્યારેય પણ કંજૂસાઈ કરવી ન જોઈએ."

પ્રેમમાં પ્રચંડ તાકાત હોવા છતાં ઘણા લોકોએ ક્રોધને જ જીવનમાં પ્રાધાન્ય આપીને અહંને કેટલો ભારે બનાવી દીધો છે ? અહંને પ્રધાનપણું ન આપવાનો દ્રઢ નિરધાર હોય તો પ્રેમથી પરિવારને, સમાજને અને રાષ્ટ્રને પણ વશ કરવાનું સરળ બની જાય છે. આપણે એ ભૂલ કરીએ છીએ કે બધાએ મને જ પ્રેમ કરવો જોઈએ, મારા પ્રત્યે બધાએ લાગણી દર્શાવવી જોઈએ, મારી કદર બધાએ કરવી જ જોઈએ.

આ ગણિતને આધારે આપણે જીવન જીવીએ છીએ અને એના જ કારણે સહુના તિરસ્કારને પાત્ર બની જઈએ છીએ, પણ હવે એ ગણિતને ઉલટાવી દઈએ કે મારે જ સહુને પ્રેમ આપવો છે અને લાગણી આપવી છે. આ ગણિતને જીવનમાં સાચા અર્થમાં અમલી બનાવવા માગીએ તો જે ચમત્કાર સર્જાશે એ આપણી કલ્પના બહારનો હશે.

ઘરને ફર્નિચરની સજાવટથી ભવ્ય બનાવવાનું કામ તો રૂપિયા કરી દે છે, પણ ઘરને પ્રસન્નતાથી હર્યુંભર્યું બનાવી દેવાનું કામ તો સ્નેહ વિના શક્ય જ નથી. રાગ માત્ર પોતાને જ સાચવે છે, જ્યારે પ્રેમ તો પરાયાનેય પોતાનાં બનાવીને સાચવી લે છે. રાગ એ ટૂંકી દ્રષ્ટિ છે કે તે માત્ર નજીકનું જ જુએ છે, જ્યારે પ્રેમ એ વિશાળ દ્રષ્ટિ

છે કે જે ખૂબ દૂરનુંય જોઈ શકે છે.

*"ઉડે પ્રેમની છોળો પળેપળે ઊજવીએ એ પ્રેમનો જન્મ દિવસ
આશા-નિરાશા રાગ-દ્વેષ સુખદુ:ખના ઊજવ્યા છે ઘણા જન્મ દિવસ
એક વાર તું રાગના સ્થાને, પ્રેમની પ્રતિષ્ઠા તો કરી જો ?"*
– મંજરી પરીખ

પ્રેમ તો આગ જેવો છે ! આગ પોતાનો રસ્તો પોતાની મેળે જ બનાવી લે છે, તેમ પ્રેમ પણ પોતાનું કર્તવ્ય પોતાની મેળે જ નિભાવી લે છે. એ કાંઈ રાહ જોવા નથી બેસતો કે સામી વ્યક્તિ પણ એનું કર્તવ્ય બજાવે છે કે કેમ? માતા, મહાત્મા અને પરમાત્મા આ ત્રણેયમાં સ્નેહ નામનો ગુણ અવશ્ય હોય છે. અંત:કરણ જ્યારે પ્રેમથી ભરેલ હોય છે ત્યારે અંદર અપ્રગટરૂપે રહેલા તમામ ગુણો બહાર પ્રગટ થતા રહે છે.

પ્રેમને પાણીની ઉપમા આપી છે કારણ કે, પાણીનો સ્વભાવ છે કે તે વહેતું વહેતું દૂર સુધી જાય છે. વહેવાનું એ શરૂ કરે ત્યારે નજીકના ખાડાઓને ભરીને પછી આગળ વધે છે, તેમ આપણા અંતરમાં રહેલ પ્રેમ પણ નાનામાં નાના જીવ સુધી તે પહોંચવો જ જોઈએ. આપણે પ્રભુ પ્રિય અવશ્ય બનવાનું જ છે, પરંતુ તેની સાથે લોકપ્રિય અને પરિવારપ્રિય પણ બનવું જોઈએ, જેથી શાંતિથી જીવન જીવી શકાય અને નિર્વિઘ્નપણે પરમાત્મા શ્રી સ્વામિનારાયણ મહા-પ્રભુના અક્ષરધામમાં સ્નેહપૂર્વક સેવા કરવા પહોંચી શકાય એ જ આ પૂરા પ્રસંગનું રહસ્ય છે.

# સંબંધીઓ કરતાં પણ સ્નેહ શ્રેષ્ઠ !

*"ખુઝા દિલના લુખા હાસ્યે, આંસુ લાખ થીજેલાં જોયાં;*
*શંકાના વિષ ઘૂટમાં, દીર્ઘ પ્રેમ મરેલાં જોયા !"*

- રત્નસુંદરસૂરિજી

સ્નેહ છે તે તો સગાઓ કરતાં પણ શ્રેષ્ઠ છે, કારણ કે સંબંધીઓ તો સ્વાર્થ સિદ્ધ ન થતાં આપણા જીવનમાંથી ક્યારે છટકી જાય તે કહેવું મુશ્કેલ છે, પરંતુ જીવનમાં એક વાર સ્નેહ આવી જાય છે પછી તે ક્યારેય પણ દગો કરતો નથી; તે ક્યારેય પણ આપણો સાથ છોડતો જ નથી. સંબંધીઓને ખવડાવવાનો, કપડાંનો, રહેવાનો અને જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓ લઈ આપવાનો ખર્ચ કરવો પડતો હોય છે, જ્યારે સ્નેહને ટકાવી રાખવા કોઈ ખર્ચ કરવો પડતો નથી; ફક્ત અહંકાર છોડવો પડે છે.

સંબંધીઓને ખુશ રાખવા ખોટી ખુશામત કરવી પડતી હોય છે, જ્યારે સ્નેહને એવી કોઈ જરૂર હોતી નથી. સ્નેહે કરીને સગાઓ વશ થઈ જાય છે, પરંતુ સંબંધીઓના સાથથી સ્નેહ વશ થઈ જતો નથી. આ સ્નેહમાં વિશેષ વિશેષતા રહેલી છે. તે કરતાં પણ સ્નેહમાં એ શક્તિ રહેલી છે કે, સંબંધીઓમાં ભગવાનનાં દર્શન આપણાને કરાવી દેવાની શક્તિ નથી હોતી, જ્યારે સ્નેહમાં તો સાક્ષાત શ્રીહરિજીનાં દર્શન કરાવી દેવાની સામર્થી પણ રહેલી છે !

વ્યવહારિકમાર્ગમાં અને આધ્યાત્મિકમાર્ગમાં સગાંઓની લાગવગ બહુ કામમાં નથી આવતી, પણ આપણું જીવન

જો સ્નેહથી ભરેલું હોય તો વ્યવહારમાર્ગમાં પણ ભલભલાનો ઈગો (અહંકાર) ઉતારી નાખવાની શક્તિ સ્નેહમાં રહેલી છે. આધ્યાત્મિકમાર્ગમાં તો મહાપુરુષો સાથે સ્નેહ થઈ ગયો હોય તો તેઓ મુક્તિનો માર્ગ બતાવી દે છે અને એ કરતાં પણ શ્રીજી મહારાજ પ્રત્યે ગાઢ અનુરાગ થઈ ગયો હોય તો તો અક્ષરધામની ચાવી પોતાના હાથમાં આવી જાય છે !

ભક્તો ! કારિયાણીના બીજા વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાન સ્વયં બોલ્યા છે કે, "ચાર પ્રકારના ભક્તોને મૃત્યુનો ભય ટળી જાય છે અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય છે." આ ચાર પ્રકારમાં સ્નેહવાળાની પણ મુક્તિ થઈ જાય એવું કહેવામાં આવ્યું છે, માટે સ્નેહ જ સર્વોપરી છે. ક્રોધથી સામેની વ્યક્તિ દબાઈ જાય છે, જ્યારે પ્રેમથી તો સામેની વ્યક્તિ વશ થઈ જાય છે.

*"રહી રહીને દિલ દર્દ ઊઠે ને દોસ્ત મળે તો દઈએ, કોઈની મોંઘી પીડા ફક્ત એક સ્મિત દઈ લઈ લઈએ; પળભરનો આનંદ ધરાના કણકણમાં પાથરીએ."*

આ કાવ્યની પંક્તિમાં વિજ્ય રત્નસુંદરસૂરિજી લખે છે કે, "પ્રશ્ન એ નથી કે તમે સામાને સંપત્તિ કેટલી આપી ? પ્રશ્ન એ નથી કે તમે બીજાને સગવડ કેટલી આપી ? પ્રશ્ન એ નથી કે તમે સામાને સત્તા કેટલી આપી ? પરંતુ પ્રશ્ન એ છે કે તમે બીજાઓને હૃદયમાં સ્થાન આપવા જેટલા વિશાળ બન્યા છો ખરા ? પ્રશ્ન એ છે કે તમે તમારા વાત્સલ્યના જળમાં બીજાઓને ભીંજવી દેનારા બન્યા છો ખરા ?

આપણું દર્દ આપવું હોય તો ફક્ત દિલોજાન દોસ્તને જ આપવું, પણ આપણું સ્મિત તો આપણે સહુને આપતા જ રહેવાનું છે. આપણા સ્મિતમાં કોઈકની પીડા શમી જાય એવું પણ બની શકે. આપણા સ્નેહભર શબ્દોમાં સામાના દિલનો કોઈક કાતિલ જખમ રૂઝાઈ જાય એવું પણ બને. પ્રેમરૂપી મૂડી એવી છે કે, ગમે તેટલી બીજાને આપીએ તોય તે મૂડી ઓછી થતી જ નથી, પરંતુ વધતી જ જાય છે.

સંબંધોને કાયમ ટકાવી રાખવા હોય તો તેમાં કાયમિક સ્નેહનું તેલ પૂરવું જ પડશે. સૂર્ય એટલા માટે મહાન નથી કે એ આકાશમાં ૧૪,૯૫,૯૭,૯૦૦ કિલોમીટરની ઊંચાઈ પર છે, પણ એટલા માટે એ મહાન છે કે ધરતી પર રહેલા નાનામાં નાના જીવને પોતાનો પ્રકાશ આપતો રહે છે. સમુદ્ર એટલા માટે મહાન નથી કે એ વિશાળ છે. ('યાદ ઈતિહાસ'માં ચંદ્રકાંત બક્ષીએ પેસિફિક મહાસાગરની ઊંડાઈ ૧૦ થી ૧૧ હજાર મીટર લખી છે.) અર્થાત્ ૩૦ થી ૩૩ હજાર ફૂટ ઊંડો ! પરંતુ દરેક સમુદ્ર આટલા બધા ઊંડાં હોતા નથી. અરબી સમુદ્ર દ્વારિકા પાસે સાવ છીછરો છે.

જો વિશાળતામાં જોઈએ તો 'જનરલ નોલેજ નવનીત' ના આધારે પેસિફિક મહાસાગર ૧૬,૫૨,૪૨,૦૦૦ ચોરસ કિલોમીટરમાં છે. હિન્દી મહાસાગર ૭,૩૫,૫૬,૦૦૦ ચો. કિમી., એટલાન્ટિક મહાસાગર ૮,૨૩,૬૨,૦૦૦ ચો. કિ.મી., એન્ટાર્ક્ટિકા મહાસાગર ૩,૧૦,૦૦,૦૦૦ ચો. કિમી. અને આર્ક્ટિક મહાસાગર ૧,૩૯,૮૬,૦૦૦ કિ.મી. વિસ્તારમાં છે.

આવા અનેક નાના-મોટા મહાસાગરો અને સાગરો છે એ સર્વેની સરેરાશ ઊંડાઈ ૩,૮૧૦ મીટર છે. અર્થાત્ આશરે ૧૧ થી ૧૨ હજાર ફૂટ ઊંડાઈ છે.) તો સાગર એટલા માટે વિશાળ છે કે તે ગંદામાં ગંદા પાણીનેય પોતાનામાં પ્રવેશ આપે છે તેથી મહાન છે, એ જ રીતે આપણે ખરા અર્થમાં સજ્જન અને માનવ બનવું હોય તો નાનામાં નાના માણસને પ્રેમથી બોલાવવા જોઈએ, પણ તૂંકારાથી ન બોલાવવા જોઈએ. તેમજ શક્તિ પ્રમાણે દરેકને મદદ કરવી જોઈએ તેથી આપોઆપ મહાન માનવ બની જવાય.

સ્નેહ જ્યાં તૂટે છે ત્યાં વાતાવરણમાં અપ્રસન્નતા આવ્યા વિના રહેતી નથી. આવું વાતાવરણ મનમાં ક્લેશોની પરંપરા સર્જ્યા વિના રહેતું નથી. અર્થાત્ ઉદ્વેગ વધતો જ જાય છે. એક વાત યાદ રાખો કે, જેની સાથે સ્નેહ હોય તો એના માટે રૂપિયા છોડવા, સમય કાઢવો, ઘર છોડવું કે સંબંધીઓને છોડવા પણ જરાય કઠિન નથી લાગતા. સમાજમાં આપણે જોઈએ છીએ કે યુવક-યુવતીને પરસ્પર સ્નેહ થઈ જાય તો બન્ને બધું જ છોડીને ભાગી જાય છે ! અને કોર્ટમાં લવમેરેજ કરી લે છે.

મુંબઈની હમણાની જ વાત કરું. એક કરોડપતિ ધનવાનને એક જ પુત્રી હતી. તેને તેના જ ડ્રાઈવર સાથે હેત થઈ ગયું તેથી લગ્ન કરવા મમ્મી-પપ્પાને કહ્યું. ત્યારે તેના પપ્પાએ કહ્યું ! "તારા લગ્ન ધનવાન સાથે જ થવા જોઈએ, એવા ગરીબ સાથે નહિ; જો તું એની સાથે લગ્ન કરીશ, તો હું મારી કરોડોની સંપત્તિમાંથી એક પણ રૂપિયો તને નહિ આપું." છતાં પણ તેની પુત્રી કરોડોનો વૈભાવ

છોડી ડ્રાઈવર સાથે લગ્ન કરી તેના સાદા ઘરમાં રહેવા જતી રહી ! કારણ શું ? કેવળ મોહિક સ્નેહ.

જેને માત્ર રૂપિયા પર જ નજર છે એને માટે બીજાને અંતરનો સ્નેહ આપવો તો કઠિન છે, પણ જરૂરિયાત વખતે રૂપિયા આપવા પણ કઠિન છે, તેથી સિદ્ધ થાય છે કે રૂપિયાના દાન કરતાં પણ સ્નેહનું દાન શ્રેષ્ઠ છે, માટે દરેક વ્યક્તિએ નિ:સ્વાર્થભાવે દરેક સજ્જનો સાથે સ્નેહ રાખવો જોઈએ.

એક વાત કબુલ કરવી રહી કે, સ્નેહ હોય ત્યાં કષ્ટ નથી લાગતું. પછી તે ભૌતિક પદાર્થોમાં સ્નેહ હોય, કોઈ સ્ત્રી-પુરુષ સાથેનો સ્નેહ હોય કે પછી આધ્યાત્મિક માર્ગમાં ભગવાન, સંતો કે ભક્તો સાથેનો હોય; આ વાત તમામ ક્ષેત્રમાં લાગું પડે છે.

ડોલરમાં સ્નેહ છે તો ભારતથી ૧૦-૧૫ લાખ રૂપિયા બ્લેકમાં આપીને પણ અનેક દેશોમાં ફરી ફરીને નદી-જંગલોમાં રોકાઈ જાનનું પૂરું જોખમ હોવા છતાં પણ લોકો અમેરિકા જાય છે. એનું કારણ ડોલર પ્રત્યેનો ગાઢ સ્નેહ છે ! એ જ પ્રમાણે જેઓને ભગવાન સાથે સ્નેહ હોય તો તેઓને મેળવવા માટે જપ, તપ અને ભક્તિ વગેરે કરતાં કષ્ટ આવે તો તે પ્રેમથી સહન કરી અંતે પ્રભુ પાસે પહોંચી જાય છે.

# સ્નેહના અભાવે

*"માનવ સદા માનવ રહે, ઉર પ્રેમ પારાવાર હો,*
*મન ઉચ્ચ ઔર ઉદાર હો,*
*રવિ તૂલ્ય તેજ નિધાન હો,*
*વૈભવ ઈન્દ્ર સમાન હો, લંકેશ જૈસા બલવાન હો,*
*તો ભી ન વહ દાનવ રહે, માનવ સદા માનવ રહે."*

- રત્નસુંદરસૂરિજી.

આપણા જીવન વ્યવહારમાં કે સંબંધોમાં પરસ્પર સ્નેહ રાખીએ તો એ સ્નેહના આંજણ થકી એક બીજાની નજરમાંથી ઝેર ઉતરી જાય છે, પછી જ એકબીજાને સાચું નજરે દેખાય છે. કેટલીક વખતે એવું પણ બને કે આપણાને ન દેખાય એવો સ્નેહ સામી વ્યક્તિમાં આપણા માટે પડ્યો હોય છે, પણ આપણે જરૂર છે માત્ર આપણી આંખમાં સ્નેહરૂપ આંજણ આંજવાની.

સ્નેહ અને સમજણનું એવું આંજણ છે કે આંજીએ તો પરસ્પરનાં ઝેર ઉતરી જાય છે. આ ઝેરીલા યુગમાં આવા અમૃતની જરૂર છે એમ લાગે છે. આખું વિશ્વ આજે વિનાશના જ્વાળામુખીના મુખપર ઊભું છે. ત્રીજું વિશ્વયુદ્ધ ક્યારે ફાટી નીકળે એ કહેવાય તેમ નથી. હવેનું યુદ્ધ કેવળ મિસાઈલો અને અણુંબોંબનું હશે !

ખંજર અને તલવાર લોહીના સીધા સંપર્કમાં આવે છે, પરંતુ બંદૂક અને બોંબ તો લોહી વહેવડાવે તોય લોહીના

સ્પર્શથી દૂર રહે છે. પહેલાંના સમયમાં એક માણસ બીજા માણસને થોડેક દૂરથી ઢેફાં મારતો હતો, પરંતુ હવે તો ઢેફાંની જગ્યાએ મિસાઈલો આવી ગઈ છે. એક મિસાઈલ બરાબર કેટલા બોંબ ? અને એક બોંબ બરાબર કેટલાં શબ ?

સ્નેહના અભાવને કારણે જાપાન અને અમેરિકા વચ્ચે ચાલતું યુદ્ધ અંતે અણુબોંબ સુધી પહોંચી ગયું. પરિણામે અમેરિકાએ તા. ૬ ઓગસ્ટ ૧૯૪૫ ના દિવસે 'લિટલ બોય' નામનો ભયંકર અણુબોંબ જાપાનના હિરોશીમા શહેર ઉપર નાખ્યો અને થોડીવારમાં જ ૯૦ હજાર નિર્દોષ લોકો મોતના મુખમાં હોમાઈ ગયા ! ફરી ત્રીજા જ દિવસે 'ફેટ મેન' અણુબોંબ નાગાસાકી શહેરમાં નાખ્યો અને ૪૦ હજાર નાગરીકો મોતને ભેટી પડ્યા ! બન્ને શહેરમાં લાખો લોકો ઘાયલ થઈ ગયા અને અબજો ડોલરનું નુકશાન થયું !

અમદાવાદથી પ્રકાશિત થતા 'સ્કોપ' નામના મેગેઝિનમાં ૧૯૮૨માં લખ્યું હતું કે, "અમેરિકાએ હાલમાં લગભગ નવ હજાર અણુબોંબ અને હાઈડ્રોજન બોંબ મિસાઈલની ટોચ પર ગોઠવીને રશિયા તરફ તાકી રાખ્યા છે ! તેના જવાબમાં રશિયાએ પણ છ હજાર અણુબોંબ તૈયાર રાખ્યા છે !"

અમેરિકાના વિજ્ઞાની એવરેટ મુરે 'ન્યુ ક્લીયર સર્વાઈવલ' નામના પુસ્તકમાં લખ્યું છે કે, રશિયાના અણુબોંબથી અમેરિકાના ૧૩ કરોડ લોકો મૃત્યુ પામે !

INDEX



અને ૧૦ કરોડ લોકો ઘાયલ થાય !" (હાલ ૨૦૦૩ માં અમેરિકાની વસ્તી આશરે ૨૮ કરોડની છે.) આવું સાંભળી ઘણા ધનવાન અમેરિકનોએ મૃત્યુના મુખમાંથી ઉગરવા ભૂગર્ભમાં (જમીનમાં ઊંડે) એવી રૂમો બનાવી છે કે યુદ્ધ શરૂ થાય કે તુરંત તેમાં જતું રહેવાય તેથી અણુબોંબની હવા અંદર ન આવી શકે તેથી જીવતા રહી શકાય. જો કે વર્તમાન સમયમાં બન્ને દેશના સંબંધોમાં કડવાશ મટી ગઈ છે તેથી અણુયુદ્ધ થવાની શક્યતા નથી.

૩૧૧ દેશોમાંથી હાલમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ, ચીન, ભારત અને પાકિસ્તાન આ સાત દેશો પાસે જ અણુબોંબ છે. આ દેશોમાં ૨૧ મી સદીમાં અણુયુદ્ધ થવાની સંભાવના છે, કારણ કે ઈ.સ. ૧૫૫૫ માં ફ્રાંસમાં જન્મેલ ભવિષ્યવેતા ડૉ. નોસ્ટર ડેમસે આગાહી કરેલ છે કે, "૨૧ મી સદીમાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે તેમાં વિશ્વની બે તૃતિયાંશ વસ્તીનો વિનાશ થશે અને બાકીની વધેલ ત્રીજા ભાગની વસ્તીને દુષ્કાળ ભરખી જશે. આ દુષ્કાળ ૪૦ વર્ષ લાંબો ચાલશે ! ત્યારબાદ ૪૦ વર્ષ સુધી હોનારત રહેશે !" ભક્તો ! આપણે સ્વામિનારાયણ મહાપ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે, આવી ભયંકર આગાહીથી વિશ્વને બચાવી લે.

# "વિશ્વધર્મ અને તેઓની સંખ્યા"

અમદાવાદથી પ્રસિદ્ધ થતું જનરલ નોલેજ માટેનું શ્રેષ્ઠ મેગેઝિન 'સફારી' ના આધારે લખું તો વિશ્વમાં હાલ નાના-મોટા ૩૧૧ દેશો છે. જેઓ પોતાનો રાષ્ટ્રધ્વજ અલગ રાખે છે. પરંતુ રાષ્ટ્રસંઘ યુનો સંસ્થાનું સભ્યપદ ૧૯૩ દેશો ધરાવે છે, તેથી તે સંસ્થાએ ૧૯૩ દેશોને સ્વતંત્ર દેશની માન્યતાઓ આપેલ છે. (બીજી એક માન્યતા પ્રમાણે વિશ્વમાં ૨૪૯ દેશો છે, તેમાં ૬૫ પરાધિન છે.) તે માન્યતાના દેશોમાં ૫૪ દેશો તો કેવળ મુસ્લિમ દેશો છે.

ઈ.સ. ૨૦૦૩ માં વિશ્વની અંદર એક અબજ ૧૨ કરોડની વસ્તી મુસ્લિમોની છે. વિશ્વમાં ૮૦ કરોડની વસ્તી હિંદુઓની છે, ખ્રિસ્તી ધર્મના રોમન કેથોલિક, પ્રોટેસ્ટન્ટ, ઓર્થોડોક્સ અને એંગ્લીકન વગેરે સંપ્રદાયોના અનુયાઓની કુલ વસ્તી અર્થાત્ કુલ ખ્રિસ્તીઓ ૧,૯૫,૫૨,૨૯૦૦૦ છે. બૌદ્ધો ૩૨,૫૨,૭૫૦૦૦ છે, ચીનના જૂના ધર્મના ૨૨,૦૯,૭૧૦૦૦ છે, નવા ધર્મના ૧૦,૬૦,૧૫૦૦૦ છે, જાતિય ધર્મના ૧૦,૨૯,૪૫૦૦૦ છે, શિન્તોધર્મના ૨૮,૯૭,૫૦૦ છે, નાસ્તિકો ૮૮,૬૯,૨૮,૫૦૦ છે, શીખ ૧,૯૫,૦૮૦૦૦ છે, યહૂદીઓ ૧,૩૮,૬૬૦૦૦ છે, જરથોસ્તીઓ ૫૦,૮૬૦૦૦ છે, બહાઈ ૬,૪૦,૪૦૦ છે અને જૈનો ૮૦,૦૦૦૦૦ છે – (આ દરેક આંકડાઓ એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકલ બુક ઓફ ઈયર ૧૯૯૭ માંથી લીધેલ છે.)

૬૧૦ કરોડની વસ્તીવાળા આ વિશ્વભરના લોકોમાંથી સ્નેહની બાદબાકી થતાં મોટા ભાગના લોકોનાં મસ્તિષ્ક ઝનુની થઈ ગયેલાં છે, તેના કારણે તો ફક્ત દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં જ દર કલાકે ૨૮ માણસોના ખૂન થાય છે ! મારામારીને કારણે દર કલાકે ૬૦૦ થી ૧૦૦૦ ઘાયલ થાય છે. આ આંકડા 'વિશ્વ આરોગ્ય સંસ્થા હૂ' એ તા. ૧૬-૧૧-૨૦૦૨માં બહાર પાડ્યા હતા.

આખા વિશ્વના ૩૧૧ દેશોના આંકડા જોઈએ તો એશિયાના પ્રાદેશિક ડિરેક્ટર યુર્ટાન મથ્યાર રાફેલે ૨૦૦૨માં જણાવ્યું હતું કે, "વિશ્વમાં દર મિનિટે એક ખૂન થાય છે! અને દર ૪૦ સેકેન્ડે એક વ્યક્તિ આત્મહત્યા કરે છે !" સફારી સામયિકના આધારે લખું તો, "સૌથી વધારે આત્મહત્યા ફિનલેન્ડમાં થાય છે અને બીજો નંબર સ્વીડન દેશનો આવે છે." તેમજ ત્રીજો નંબર અમેરિકાનો આવે છે. ફ્રાંસમાં રોટી-કપડાં અને મકાનથી બધા સુખી છે, પણ સ્નેહના અભાવે બહુ લોકો આત્મહત્યા કરે છે.

જ્યાં સુધી વ્યક્તિ વ્યક્તિ પ્રત્યે અને દેશ દેશ પ્રત્યે આત્મીયતા નહિ વધે ત્યાં સુધી મારામારી અને વેરભાવ ચાલુ જ રહેશે. અણુબોંબની બીકથી લડાઈ અટકે નહિ, પરંતુ સ્નેહના સિંચનથી તે શક્ય બને છે, તે માટે દરેક દેશ પોતાનો ઈગો છોડે તો જ તે શક્ય બને તેમ છે. એક વાત હંમેશા યાદ રાખવી કે જ્યાં પ્રીતિ તૂટે છે ત્યાં વેરનાં બીજ ઊગવાનાં શરૂ થઈ જાય છે.

વર્તમાન સમયમાં મોટા ભાગે જોવા, સાંભળવા અને

જાણવા મળે છે કે  સ્નેહના અભાવના કારણે પુત્ર બાપને છોડી મિત્રને પકડે છે, દીકરી માતાને છોડી બહેનપણીની હૂંફ શોધે છે, વહુ સાસુને છોડી પડોશીને ત્યાં દોડે છે. આમાં સૌથી મોટું નુકશાન તો સંબંધોમાં તિરાડ પડવાનું થાય છે, પછી સૌ સાથે હોવા છતાં સાથે નથી હોતાં, એક ઘરમાં હોવા છતાં દિલથી જૂદા હોય છે.

પૈસાથી જીવન ચાલતું હોવા છતાં સ્નેહ વિના જીવનમાં આનંદ આવતો નથી, એ અનુભવ કર્યા પછી એમ લાગે છે કે, શરીરમાં જે સ્થાન શ્વાસનું છે એવું જ સ્થાન સ્નેહનું પણ છે. માણસે  પોતાના જીવનનો સર્વાંગી વિકાસ કરવો હોય તો પ્રેમ તત્ત્વનું રક્ષણ કરવું ખૂબ જરૂરી છે. મકાન માણસના હાથ વડે બંધાય છે, પરંતુ ઘર તો મનુષ્યના હૃદયના સ્નેહ વડે જ બંધાય છે.

પ્રેમ હોય એનું જીવન હંમેશાં આનંદિત રહે છે. જીવનની સાચી કિંમત પ્રેમ વિના થાય નહિ. પ્રેમ એ પ્રભુનું વરદાન છે. આપણા આંગણાંઓમાં પૂરેલી વિવિધ રંગોની રંગોળી આપણને એ સંકેત આપે છે કે, તમો તમારા હૈયાઓને સ્વચ્છ કરી તેમાં સ્નેહના રંગો પૂરો એના કારણે જીવનરૂપ આંગણું શોભી ઊઠશે.

# સ્નેહને કારણે

મોટામાં મોટી સુખદાયી વસ્તુનો ત્યાગ પણ વ્યક્તિ બીજા પ્રત્યેના પ્રેમથી કરતી હોય છે. આ પ્રેમ દેશ પ્રત્યેનો હોય તો ભામાશાની જેમ ધનવાનો દેશ માટે ધનનો ત્યાગ કરી દે, ભગત સિંહની જેમ હસતા મુખે ફાંસીનો ગાળિયો જાતે ડોકમાં પહેરી લે. ધર્મ પ્રત્યે પ્રેમ હોય તો ગુરૂ તેગ બહાદુરની જેમ મસ્તકનું બલિદાન આપી દે, અને ગુરૂ ગોવિંદસિંહની જેમ, પુત્રોને જીવતા ચણાઈ જવા દે.

ઈષ્ટદેવ પ્રત્યેનો પ્રેમ હોય તો મેડી ગામના હીરા ભગતની જેમ પ્રાણની આહૂતિ આપી દે. માતા-પિતા પ્રત્યેનો પ્રેમ હોય તો સેવા કરવાની ના પાડતી પત્નીને શ્રવણકુમારે પિયર વળાવી દીધી એમ પત્નીનો પણ ત્યાગ કરી દે. પતિ પ્રત્યેનો પ્રેમ હોય તો સીતાજી દુઃખના સમયે રામ સાથે વનમાં રહ્યાં હતાં, તેમ પતિના જીવનમાં ગમે તેવાં દુઃખો આવે ત્યારે પણ પત્ની, પતિનો સાથ છોડે નહિ. એજ રીતે પતિને પણ સમજવુ.

પ્રેમના સ્પર્શમાત્રથી જીવન સોળે કળાએ ખીલી ઊઠે છે. પ્રેમમાં ભરતી જ હોય છે, તેમાં કદી ઓટ આવતી જ નથી. પ્રેમ નિખાલસ હોય છે. પ્રેમ દીપક છે. તેનો પ્રકાશ જીવન ઉજાળે છે. પ્રેમ એકબીજાઓને જોડતી કડી છે. પ્રેમથી વિનય-વિવેકના ગુણો ખીલે છે. પ્રેમમાં કોઈ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. સાચા પ્રેમનો પાયો પાતાળે અને ઈમારત આકાશે હોય છે. માણસને સમાજમાં સ્નેહ

સાથ આપે છે.

સ્નેહ કરવો અને પામવો એ માનવમાત્રની એક અદમ્યવૃત્તિ છે. નાના બાળકોને જો તમે પ્રેમથી ન બોલાવો તો પાસે પણ આવતું નથી. અરે ! પ્રાણીઓમાં પણ જોવા મળે છે કે, કૂતરાને પ્રેમથી બોલાવો તો તુરંત પાસે આવી પૂંછડી પટપટાવી પોતાનો સ્નેહ વ્યક્ત કરતો હોય છે. પ્રેમના પ્રતાપે માનવ જાતના ઈતિહાસમાં સૌથી ઉજ્જ્વળ પાનાં લખાયાં છે.

## “લાગણીનો અભાવ”

જ્યાં કેવળ લોહીના જ સંબંધો છે, પણ લાગણીનું નામ નિશાન નથી, ત્યાં કલ્પનાતીત સંઘર્ષો પેદા થાય છે. જ્યાં લોહીના સંબંધો નથી છતાં અંદરનું સ્નેહ તત્ત્વ જીવંત છે અને લાગણી જીવતી છે ત્યાં પ્રેમાળ અને યાદગાર વાતાવરણ સર્જાય છે. લાગણીના અભાવે જગતમાં દીકરાને હાથે બાપનાં અને બાપના હાથે દીકરાનાં ખૂન કરાવ્યાં છે. ભાઈ ભાઈ વચ્ચે વેરઝેરના દાવાનળ સળગાવ્યા છે. સંપત્તિ હોવા છતાં આત્મહત્યાઓ થાય છે. તંદુરસ્ત શરીરે કંઈકને મડદા જેવા બનાવી દીધા છે.

પૂર્વના પુણ્યના કારણે કદાચ તમારી ગણત્રી દુનિયાના શ્રેષ્ઠ ધનવાનોમાં થઈ હશે, ચંદ્રકો અને સન્માનપત્રોથી તમારો શો કેશ છલકાઈ ગયો હશે, તમારું નામ કદાચ છાપામાં હેડલાઈનોમાં ચમકતું હશે, પરંતુ જો

તમારી અંદર લાગણી નહિ હોય તો એ બધું મડદા પર ચડાવેલાં અલંકારો જેવું લાગશે ! તમે ખુદ તમારી જાતના ખાલીપાથી ભાંગી પડશો અને કદાચ આત્મહત્યા કરવા પણ તૈયાર થઈ જશો. આ રહ્યાં તેના પ્રમાણો વાંચી જુઓ.

થોડા વર્ષો પહેલાં અમેરિકાની આઠ એવી વ્યક્તિઓનું સૂચીપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું કે, જેઓ દુનિયાના શ્રેષ્ઠ ધનાઢ્ય હતા. ૨૫ વર્ષ બાદ એમની તપાસ કરવામાં આવી કે, હવે એમની સ્થિતિ શું છે ? તપાસ પછી સમિતિએ જણાવ્યું કે, (૧) દુનિયાના સૌથી મોટી ગેસ કંપનીના પ્રમુખ હાવર્ડ હબ્સન પાગલ થઈને મૃત્યુ પામ્યા હતા ! (૨) વોલ સ્ટ્રીટના સૌથી મોટા સટોડિયા જેસી લિવર મોરેએ આત્મહત્યા કરી લીધી હતી ! (૩) દુનિયાની સૌથી મોટી 'મોનોપોલી' બજારનો પ્રમુખ ઈવર ક્રુઝરે એ પણ આત્મહત્યા કરી લીધી હતી. (૪) બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટના પ્રમુખ લીઓન ફ્રેઝરે પણ આપઘાત કર્યો હતો !

આ દરેક વ્યક્તિઓ દુનિયાના શ્રેષ્ઠ ધનવાનો હોવા છતાં કમોતે મરવું પડ્યું તેનું મુખ્ય કારણ લાગણીનો અભાવ હતો; કારણ કે લાગણી વિનાના જીવનમાં ટેન્શન વધ્યા કરે અને હૃદય ખાલી ખાલી લાગતાં જીવનમાંથી મન ઊઠી જાય છે તેથી અંતે જીવન સમાપ્ત કરવા માટે આત્મહત્યાનો માર્ગ અપનાવે છે.

કદાચ આ વાત મનાતી ન હોય તો સર્વે કરી લેજો, દુનિયાના દેશોમાં થઈ રહેલા આપઘાતના કિસ્સાઓના,

ગરીબો કરતાં ધનવાનો વધારે આત્મહત્યાઓ કરે છે. ઈ.સ. ૨૦૦૩ ના જ અખબારોના આંકડા જુઓ તો ખ્યાલ આવશે કે દર ૪૦ સેકન્ડે એક આત્મહત્યા દુનિયામાં થઈ રહી છે ! અને તે પણ યુરોપના ધનવાન દેશોમાં સૌથી વધારે !

ગરીબ કરતાં શ્રીમંતો અને બુદ્ધિહીન કરતાં બુદ્ધિમાન લોકો વધારે આપઘાત કરે છે ! આની પાછળનું કારણ શું ? લાગણીઓનો ખાલીપો. બાહ્યક્ષેત્રોમાં સફળતા મેળવવાની આંધળી દોટમાં અંદરનું લાગણીનું તત્ત્વ એ લોકોએ સૂકવી નાખ્યું છે.

શરીરમાં પાણી જ્યારે ઓછું થઈ જાય છે ત્યારે ચક્કર આવે છે, તેમ હૃદયમાં લાગણી જ્યારે ઘટી જાય છે ત્યારે મગજ અસ્વસ્થ બનવા લાગે છે. અસ્વસ્થ બનતું મગજ ટકી રહેવાની ક્ષમતા ગુમાવી બેસે છે અને પછી વ્યક્તિ કાં તો આત્મહત્યા કરી લે છે અથવા તો પાગલ બની જાય છે.

અઢળક સંપત્તિ આપણાને કે બીજાને આશીર્વાદરૂપ બને જ એવો કોઈ કાયદો નથી, ભરપૂર કીર્તિથી કોઈના આશીર્વાદ મળી જાય એવી કોઈ ગેરન્ટી નથી, પણ લાગણી સભર દિલ હોય અને બીજાઓ પ્રત્યે પ્રેમ છલકાતો હોય તો તેને અન્ય લોકોના આશીર્વાદ અવશ્ય મળે છે. લાગણીઓને ટેન્શનથી પીડાવું પડતું નથી.

INDEX



# લાગણી પ્રગટ કરવા

લાગણી છે તે સ્નેહની માતા કહી શકાય, કારણ કે પ્રથમ હૃદયમાં લાગણી પ્રગટ થાય છે પછી તે સ્નેહરૂપે ક્રિયામાં દેખાય છે, દયારૂપે ક્રિયામાં દેખાય છે અને ભાવરૂપે મુખપર દેખાઈ આવે છે. સ્નેહ, લાગણી, સંવેદના અને વાત્સલ્યથી ભર્યુંભર્યું જીવન બનાવી રાખવાનું કાર્ય અબજોપતિ થવા કરતાંય અઘરું છે.

મશીનયુગના આ કાળમાં હૃદયમાં પ્રેમની પ્રતિષ્ઠા કરી દેવામાં સફળ બનવું એ જ્ઞાતભરમાં પ્રતિષ્ઠિત થઈ જવા કરતાંય કઠિન છે, છતાં પણ એમાં જે ફાવે છે એના આલોક અને પરલોક સુધરી જાય છે તેમજ જીવન અને મરણ બન્ને મહોત્સવ રૂપ બની જાય છે.

અબજો રૂપિયા આપતાં પણ સ્નેહ કે લાગણી ખરીદી શકાતી નથી. માણસના દેહને કદાચ સંપત્તિના જોરે ખરીદી શકાય છે, પરંતુ એમાં બેઠેલી લાગણીને ખરીદવાની બાબતમાં સંપત્તિ કમજોર પુરવાર થાય છે. લાગણીને જીવનમાં લાવવી હોય તો જે વ્યક્તિઓ લાગણીશીલ હોય તેનો સમાગમ કરવો જોઈએ અને લાગણીવાળા લોકો થઈ ગયા હોય તેવાના ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ.

# વિજ્ઞાનની શોધને કારણે

આજના વિજ્ઞાનયુગે સમસ્યાઓને હલ કરવા સાધનો ઊભાં કરી નવી નવી શોધો કરી છે તે આવકાર્ય છે અને હિતાવહ છે, પણ માનવ-માનવ પ્રત્યેની જે લાગણીઓ ઓછી થઈ રહી છે તેમાં વિજ્ઞાનનો પણ થોડોક ભાગ હોય એવું લાગે છે. અનાજ દળવું છે? તો ઘરઘંટી તૈયાર જ છે. જ્યારે જૂના સમયમાં તો બહેનો એક બીજાના ઘેર જઈ ઘંટલાઓમાં અનાજ દળવા જતી તેથી પરસ્પર લાગણી રહેતી હતી. ઘરમાં ઘરઘંટી આવતાં બીજાને ઘેર જવાનું ઓછું થઈ ગયું.

કપડાં ધોવાં છે ? તો વોશીંગ મશીન તૈયાર જ છે. પહેલાં તો દરેક સ્ત્રીઓ નદી-તળાવે કપડાં ધોવાં માટે જતી હતી તેના કારણે કપડાં ધોતી ધોતી સુખ-દુ:ખની વાતો થતી અને એક બીજા પ્રત્યે લાગણીનો ભાવ રહ્યા કરતો હતો. ગુણાકાર-ભાગાકાર કરવા છે ? તો કેલ્ક્યુલેટર તૈયાર છે, શિક્ષક પાસે જવાની જરૂર નથી.

જૂના જમાનામાં તો ગુરૂ-શિષ્યનો સંબંધ ખૂબ લાગણીશીલ હતો. દરરોજ વિદ્યાર્થીઓ ગુરૂજીને (શિક્ષકોને) પ્રણામ કરતા હતા અને કંઈ ન સમજ પડે તુરંત પૂછતા અને શિક્ષક પણ પ્રેમથી શીખવતા તેને કારણે પરસ્પર લાગણી જોવા મળતી હતી; આજે તો કેલ્ક્યુલેટરથી દાખલા ગણી લે અથવા ઈન્ટરનેટ થકી જાણી લે !

ઘેર સારા-મોળા પ્રસંગે ઘણાં મહેમાનો આવ્યા છે ?

તો ફૂડ પેકેટો તૈયાર જ છે, આજુ-બાજુવાળી બહેનોને બોલાવવાની જરૂર જ નથી. જ્યારે અમુક વર્ષો પહેલાં તો ઘેર મહેમાનો આવે એટલે પૂરી કરવા, શાક સુધારવા કે રસોઈ બનાવવા માટે પોતપોતાની શેરીઓમાં રહેતી સ્ત્રીઓને બોલાવવામાં આવતી અને દરેક સ્ત્રીઓ ભેગી મળી રસોઈ બનાવી આનંદનો અનુભવ કરતી તેથી એક બીજા પ્રત્યે લાગણીની ભાવનાઓ અખંડ રહ્યા કરતી હતી.

મહેમાન આવ્યા છે તેથી દૂધપાક બનાવવા દૂધ જોઈએ છે ? તો દૂધનો પાવડર તૈયાર જ છે, ગાયો-ભેંસો રાખવાની કોઈ જરૂર નથી. જ્યારે ૫૦ વર્ષ પહેલાં તો ઘેર ઘેર ગાય-ભેંસ હતી, તેથી તાજું દૂધ દોહીને ખાવા-પીવાના કામમાં બહેનો લેતી અને તેના બદલારૂપે પ્રેમથી પ્રાણીઓને ઘાસ ખવડાવવામાં આવતું અને પ્રાણીઓ પ્રત્યે પણ સ્ત્રી-પુરુષોને લાગણી રહેતી હતી.

આવા અનેક કારણોને લીધે લાગણી પરસ્પર ઓછી થતી જાય છે. અરે ! વિદેશોમાં તો સોસાયટીના લોકો સાથે તો બિલકુલ લાગણીના સંબંધો હોતા નથી અને એની અસર પોતાના જ પરિવારમાં શરૂ થઈ છે. દિવસે મમ્મી-પપ્પા જોબ (નોકરી) કરવા ગયાં હોય અને સંતાનો ભણવા ગયાં હોય. સાંજે બધા ઘેર આવે એટલે જમીને તુરંત સંતાનો પોતપોતાની રૂમમાં જઈ ટી.વી. અથવા તો ઈન્ટરનેટ જોવા બેસી જાય અને આ પતિ-પત્નિ પણ બેડરૂમમાં જઈ ટી.વી. જોવા બેસી જાય. ઊંઘ આવે એટલે સૂઈ જાય. ફરી સવારે ઊઠી નાસ્તો કરી સંતાનો ભણવા

ઉપડી જાય અને માબાપ નોકરીએ ચાલ્યા જાય. આમાં ક્યાંય સ્નેહ જોઈ શકાતો નથી.

સંતાનોને ટી.વી. સાથે સ્નેહ થઈ ગયો હોય છે. તેમાં એકલા સંતાનોનો વાંક નથી, માતા-પિતાનો પણ વાંક છે. કારણ કે મમ્મી-પાપા સંતાનોને સાથે બેસાડે અને પ્રેમ કરે તો સંતાનોને લાગણી થાય ને ? હવે તો વિદેશોમાં રહેતા ભારતીયોમાં પણ આ ચેપી રોગ થઈ ગયો છે. જેઓ સત્સંગીઓ છે અને સજ્જનો છે તેઓ જ પોતાનાં સંતાનો પ્રત્યે લાગણી ધરાવે છે, તેના કારણે તેઓનાં સંતાનો પણ મમ્મી-ડેડી પ્રત્યે લાગણી ધરાવતાં જોવા મળે છે. બાકીના લોકો તો પોતાના કામમાં અને પોતાના સ્વાર્થમાં જીવન ઢસડી રહ્યા છે.

*"હર્ષ શું જિંદગીમાં ને હર્ષ શું હોય મૃત્યુમાં,*
*પ્રેમના રંગથી જો ના રંગાયું હોત વિશ્વ આ"*

# "નેહના મેહ બનીએ"

*"બિના ચાંદની કે ચાંદ ખિલતે ન દેખા,*
*બિના સ્નેહ કે દીપ જલતે ન દેખા;*
*બિના બાદલોં કે રહી ભૂમિ પ્યાસી,*
*બિના પ્યાર જીવન સંભલતે ન દેખા."*

– સ્નેહદીપ

હૈયું તો કૂણુંને કોમળ જોઈએ. કઠોર હૈયામાં લાગણીના છોડવા નથી રોપાતા કે સ્નેહનાં ફૂલો નથી ખીલી શકતા. પૂર્વગ્રહની પીડામાંથી મુક્ત થવા માટે સ્નેહના મંત્રનો જાપ કરવો જોઈએ અને લાગણીના દોરા બાંધવા જોઈએ. સંબંધોના દીવામાં સ્નેહનું તેલ પૂરો અને અનુરાગની જ્યોત વધુને વધુ પ્રકાશવાન બનાવો.

હૃદયમાં બીજરૂપે રહેલા પ્રેમનું સમજદારીની ફળદ્રુપ ભૂમિમાં વાવેતર કરવાથી જીવનમાં નંદનવનનું નિર્માણ થાય છે. સ્નેહ વિનાની સમજદારી એ માણસને જડતા, શુષ્કતા અને નિરસતા તરફ ઘસડી જાય છે અને જીવનરસ મરી જાય છે.

સ્નેહનું સ્થાન હૃદય છે; જેમાં ભાવની પ્રધાનતા રહેલી છે. માણસ એ લાગણી સભર અને સંવેદનશીલ પ્રાણી છે, એ મશીન નથી. યંત્રને કોઈ અનુભૂતિ કે અભિવ્યક્તિ હોતી નથી; જ્યારે માણસને તે બધું જ હોય છે.

મારા ગુરૂશ્રી (પૂજ્ય ઘનશ્યામ સ્વામી કંડારી ગુરૂકુળ) ઘણીવાર કહે છે કે, "લાગણી અને માગણી ક્યારેય

સમાંતર ન જીવી શકે. ઘણા લોકો તો પરિવાર સાથે અને મિત્રો સાથે સ્નેહના નામે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરતા હોય છે, પણ ખરેખર સ્નેહ કરતા હોતા નથી. એવાનો પ્રેમ પાંગળો, શુષ્ક અને સુસ્ત હોય છે. જે દિવસે આપણે કોઈપણ અપેક્ષા-આકાંક્ષા વગરનો સ્નેહ કરીશું ત્યારે આપણું જીવન સ્નેહથી છલકાઈ જશે.”

ઘણા લોકો તો ઈચ્છાઓના અઢળક કાટમાળ નીચે દટાઈને સ્વાર્થના મહોરા પહેરી સ્નેહની વાતો કરતા હોય છે. આજે મોટા ભાગના લોકોનાં જીવન ત્રણ પ્રકારના તાપ (આધિ, વ્યાધિ અને ઉપાધિ)થી સળગી રહ્યા છે. કાં તેઓ મનનાં દુ:ખોથી દુ:ખી હોય છે, કાં તો તેઓ શરીરનાં દુ:ખોથી (રોગોથી) પીડાતા હોય છે અથવા તો દુશ્મનો તરફથી કે દૈવસંબંધી આપદાઓથી હેરાન થતા હોય છે. તેવા લોકો માટે આપણે નેહના મેહ બનીને વરસીએ. અનુરાગ તો ખારાં આંસુઓને પણ મીઠાશમાં બદલી શકે છે.

*“ભૂમિથી નભથી નરકથી સ્વર્ગથી દૂર,*
*હોય ક્યાંરે માનવી, પણ મોતથી મજબૂર;*

*માટી છે બધું જ આ મૃત્યુની રાજધાનીમાં,*
*એક શાશ્વત છે ભીતરી સ્નેહનું સિંદુર”*

# "સ્નેહનો દુરુપયોગ"

*"લગા સકો તો બાગ લગાના, આગ લગાના મત શીખો;*
*જલા સકો તો દીપ જલાના, દિલ જલાના મત શીખો;*
*બિછા સકો તો ફૂલ બિછાના, શૂલ બિછાના મત શીખો;*
*પિલા સકો તો પ્યાર પિલાના, જહર પિલાના મત શીખો."*

- સ્નેહદીપ

સ્નેહતત્ત્વ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપીને રહેલું છે. સહજાનંદ મહાપ્રભુ તરફથી મળેલ સ્નેહ તત્ત્વ દરેક જીવપ્રાણી માત્રમાં છે જ, પરંતુ તેનો ઉપયોગ અલગ અલગ રીતે કરવામાં આવે છે. સ્નેહ છે તે તો પરમ કૃપાલુ પરમાત્મા તરફથી મળેલ અમૂલ્ય ભેટ છે, તેથી તેનો ક્યારેય પણ દુરુપયોગ ન કરવો જોઈએ.

સમાજમાં પણ એવો રીવાજ હોય છે કે, લગ્ન પ્રસંગે કે જન્મ દિનના પ્રસંગે કોઈ સગા-સંબંધી કે મિત્રમંડળે ભેટ આપી હોય તો તેનો દુરુપયોગ કરવામાં આવે અને તે લોકોને ખબર પડે એટલે તેઓ તુરંત કહેશે કે, "ભલા માણસ ! અમોએ આટલા માટે તમોને આ વસ્તુઓ ભેટ આપી હતી ? આ ભેટની વસ્તુનું નહિ, પણ અમારું અપમાન કરી રહ્યા છો." બસ એ જ પ્રમાણે ભગવાને આપેલ સ્નેહની ભેટનો આપણે અવળો ઉપયોગ કરીશું તેથી ભગવાન જરૂર ઠપકો દેશે; માટે હંમેશાં સ્નેહનો સકારાત્મક ઉપયોગ કરવો જેથી હરિજીનો રાજીપો મળે.

અમુક અમુક લોકો સ્નેહનો ઉપયોગ લોકોને છેતરવામાં

કરતાં હોય છે 'મુખમેં રામ ઔર બગલમેં છૂરી'' આ કહેવત મુજબ આવા લોકો ઉપરથી કૃત્રિમ સ્નેહનું નાટક કરી સામેની વ્યક્તિને પોતાના સ્વાર્થ માટે ફસાવી દેતી હોય છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ થઈગયા પછી પોતાનો અસલી ચહેરો રજુ કરતા હોય છે. આવા લોકો સમાજના ગુનેગાર તો છે જ, સાથોસાથ પ્રભુના ગુનેગાર પણ છે.

સ્નેહદીપ લખે છે કે, જે માણસો પ્રેમમાંથી અપેક્ષાનું ઝેર કાઢી નાખે છે તેવા લોકોને હંમેશાં સ્નેહના અમૃતનો અનુભવ થાય છે. એના જીવનમાંથી લેવાનો ભાવ ઓગળી જાય છે અને આપવાની હોંશ દોડતી રહે છે.

*"હૈયાને હેતથી છલછલ બનાવી દેજો,*
*મનને મૈત્રીથી મધમધતું બનાવી દેજો;*

*અંતરને આનંદથી ઓળઘોળ કરી દેજો,*
*આંખોમાં નેહના મીઠાં નીર ભરી દેજો.*

– સ્નેહદીપ

# "ઉપસંહાર"

"સાંસ કા પિંજરા કિસી દિન ટૂટ જાયેગા,
હર મુસાફિર રાહ મેં હી છૂટ જાયેગા;
હર કિસી કો પ્યાર કર લો, પ્યાર લો સબકા,
ક્યા પતા કબ હમારા પ્યાર કા ઘટ ફૂટ જાયેગા ?"

- સ્નેહદીપ

સ્નેહ અને સમજદારી એ અંદરનો વૈભવ છે. તેની શરૂઆત વ્યક્તિગત જીવનથી થાય છે અને સમય જતાં સારાએ સમાજમાં તેની સુવાસ પ્રસરતી જાય છે. જો પ્રેમ બંધાશે તો પ્રેમ એની મેળે જ વેરની ગાંઠને છોડી નાખશે - મૂળને ખોદી નાખશે. સ્નેહની કબર તો વેરને ખોદી નાખે એવી છે, પણ વેરની કબર કોણ ખોદે ? એટલા માટે વેરને છોડીને સ્નેહ કરવો જોઈએ; કારણ કે સ્નેહ કરવાથી સ્નેહ વધે છે, જ્યારે વેર કરવાથી તો વેર વધે છે.

જે માણસ સ્નેહમાંથી સ્નેહની બાદબાકી કરે છે તો સમાજની દૃષ્ટિએ અને સંતોની દૃષ્ટિએ તે ગમાર કહેવાય છે, પણ જે માણસ વેરમાંથી વેરની બાદબાકી કરે છે તો સમાજની અને સંતોની દૃષ્ટિએ તે ડાહ્યો કહેવાય છે. જીવન પ્રેમ-પદારથ છે. માનનો મધપૂડો ગમે ત્યારે ખાલી થઈ જતો હોય છે, પરંતુ સ્નેહ તો ચિરંજીવી છે. દરેક જીવ પ્રાણી માત્રને સ્નેહની જરૂરિયાત હોય છે. માનવ માત્ર તો શું પરંતુ જીવપ્રાણીમાત્રને પણ સ્નેહની ભૂખ હોય છે. અરે ! વિજ્ઞાનીકોએ તો ત્યાં સુધી સંશોધન કર્યું છે કે, બગીચામાં

ફૂલ-ઝાડની પાસે મધુર સંગીતને વગાડો તો તેનાં ફૂલો જલ્દી કરમાશે નહિ, તેમજ ઘાસની નાની નાની કુપળો પણ ગેલમાં આવી જશે; કારણ કે તેઓ પણ લાગણીશીલ છે.

ગૃહસ્થાશ્રમમાં રહીને જીવન સંગાથી બનેલાં પતિ-પત્ની વચ્ચે જો સ્નેહનો સંબંધ હોય તો જ તેઓનું જીવન સુખપૂર્વક ચાલે છે. જો સ્નેહની ગાંઠ છૂટી જાય, તો પછી તે દંપતિ લાખોપતિ કે કરોડપતિ હોય તો પણ તેઓ સુખથી સાથે રહી શકે નહિ. બીજી તરફ એવા દંપતિ છે કે, દિવસે મહેનત કરે ત્યારે જ તેઓ સાંજે રોટલા ને શાક જમી શકે એવી પરિસ્થિતિ છે, પરંતુ સ્નેહનું ઝરણું જો બન્નેની અંદર અવિરત વહેતું હશે તો મોટા મહારાજા કરતાં પણ તેઓ શાંતિથી રહેતા હશે, માટે સંપત્તિ કરતાં પણ સ્નેહની વધારે જરૂર છે તે દરેક સ્ત્રી-પુરૂષોએ ભૂલવું ન જોઈએ.

સાચો સ્નેહ તો સ્વામિનારાયણ મહાપ્રભુ સાથે, સંતો સાથે અને સત્સંગીઓ સાથે જ કરવાનો છે, તેનાથી મુક્તિનો માર્ગ મોકળો થઈ જાય છે, પરંતુ જ્યાં સુધી સૃષ્ટિના લોકો સાથે રહેવાનું છે ત્યાં સુધી તેઓ સાથે પણ સ્નેહનો વ્યવહાર રાખવો પડશે, તેથી સુખે જીવન જીવી શકાય; માટે આ સ્નેહનાં ઝરણાંઓને જીવનમાં ઉતારશો એવી અભ્યર્થના સાથે જય સ્વામિનારાયણ

*"તમારા હોઠોની પાંદડીઓ વચ્ચે હેત પ્રીતનાં ફૂલો ખીલે;*
*તમારા ચહેરા પર સ્મિતની, રમ્ય ચાંદનીના નીર ઝીલે.*

**સમાપ્ત**

**વિક્રમ સંવત ૨૦૬૧ - ઈસવી સન ૨૦૦૪**



-: લેખક :-

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી

## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી દ્વારા

# પ્રકાશિત પુસ્તકો

૧. સત્સંગિજીવન સાગરમંથન
૨. જ્ઞાન સરિતા
૩. મોહનજીને મળવાને
૪. વાણી-વિવેક
૫. અમાનવીય ક્રૂરતા
૬. જીવન એક સ્નેહ ઝરણું
૭. માનવતાના દીવડા
૮. જીવન યાત્રા
૯. નિત્ય નિયમાવલિ
૧૦. શાંતિપાઠ
૧૧. મુક્તાનંદ કાવ્યમ્
૧૨. મહાપૂજા મુક્તગાથા
૧૩. શિક્ષાપત્રી (ગુજરાતી)
૧૪. પંચરત્નમ્
૧૪. શિક્ષાપત્રી (અંગ્રેજી)
૧૩. શ્રીમદ્‌ભગવદ્ વિલાસમ્ (સંસ્કૃત)
૧૪. BELOVEDGHANSHYAM
૧૫. LORD SWAMINARAYAN
૧૬. NILKANTH CHARITRA
૧૭. DIVINE DEVAOTION